RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 | Issue : 392 | Dt. 06-08-2026 | Page : 08 | Price : Rs 3

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

## NO ઈન્શ્યોરન્સ, NO ફ્યુઅલઃ સુપ્રીમ

### સુપ્રીમે દેશના રસ્તાઓ પર વીમા વિનાના વાહનોને રોકવા પાયલોટ પ્રોજેક્ટ તરીકે અમલમાં મૂકવાનો પ્રસ્તાવ મૂક્યો

નવી દિલ્હી, તા.૫

સુપ્રીમ કોર્ટે ભારતીય વીમા નિયમનકારી અને વિકાસ સત્તામંડળ (ઈર્ઙ્ઘઉઅઈ) અને માર્ગ પરિવહન મંત્રાલયને એક પાયલોટ પ્રોજેક્ટ વિકસાવવાનો નિર્દેશ આપ્યો છે જે પેટ્રોલ પંપ પર ઈંધણ વિતરણ કરતા પહેલા માન્ય વાહન વીમાની તપાસ કરશે અને જો વાહનમાં વીમાનો અભાવ હોય તો બળતણ વિતરણ કરવાનો ઈનકાર કરશે. સુપ્રીમ કોર્ટે માર્ગ સલામતી અને વીમા નિયમોને કડક બનાવવા માટે મહત્વપૂર્ણ નિર્દેશો જારી કર્યા છે. કોર્ટે પેટ્રોલ પંપ પર ઈંધણ, અગડ્ઢછ કેમેરા અને નવા વાહનો માટે વીમા અંગે માર્ગ પરિવહન મંત્રાલય અને ઈર્ઙ્ઘઉઅઈ ને મહત્વપૂર્ણ આદેશો જારી કર્યા છે. કોર્ટે માર્ગ પરિવહન મંત્રાલય અને ઈર્ઙ્ઘઉઅઈ ને એક પાયલોટ પ્રોજેક્ટ વિકસાવવાનો નિર્દેશ આપ્યો છે જે માન્ય વાહન વીમા વિનાના વાહનોને ઈંધણ, એટલે કે પેટ્રોલ અને ડીઝલનું વિતરણ પ્રતિબંધિત કરશે.

હાઈવે અને રસ્તાઓ પર સ્થાપિત ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નિશન (અગડ્ઢછ) કેમેરા 'વાહન' પોર્ટલ અને વીમા ડેટાબેઝ સાથે જોડાયેલા હશે. આનાથી વીમા વિનાના વાહનો માટે ઓટોમેટિક ઇ-ચલણ જારી કરવામાં સક્ષમ બનશે. નવા વાહનો માટે વીમાનો સમયગાળો લંબાવતા, કોર્ટે નવી ખાનગી કાર માટે ફરજિયાત થર્ડ-પાર્ટી વીમાનો સમયગાળો



૩ વર્ષથી વધારીને ૪ વર્ષ કર્યો છે, જ્યારે નવા ટુ-વ્હીલર માટે, તે ૫ વર્ષથી વધારીને ૬ વર્ષ કરવામાં આવ્યો છે. પોલીસ માટે એક મોબાઈલ એપ્લિકેશન પણ હશે. રોડ ચેક માટે, ટ્રાફિક પોલીસને મોબાઈલ એપ્લિકેશનો અથવા હેન્ડહેલ્ડ ડિવાઈસ પ્રદાન કરવામાં આવશે જે તેમને તાત્કાલિક વાહન વીમાની તપાસ કરવાની મંજૂરી આપે છે.

કોઈપણ વાહનની ફિટનેસ અને જાળવણીની સાથે, તેનો વીમો પણ મહત્વપૂર્ણ છે. જો કે, તમને જાણીને આશ્ચર્ય થશે કે દેશમાં ૧૬૫ મિલિયન વાહનો વીમા વિના રસ્તાઓ પર દોડી રહ્યા છે. આ વાહનો અને તેમના માલિકોને રોકવા માટે, સુપ્રીમ કોર્ટે (જઈ) રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય (ખઞ્ઝછઈ) અને ઇન્શ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ઈર્ઙ્ઘઉઅઈ) ને એક પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ પ્રોજેક્ટ ઈંધણ ખરીદીને માન્ય મોટર વીમા સાથે જોડશે. એ નોંધનીય છે કે ભારતીય રસ્તાઓ પરના લગભગ ૫૬% વાહનો વીમા વિનાના છે.

ભારતીય રસ્તાઓ પર ચાલતા ૩૦૪.૮ મિલિયન વાહનોમાંથી, આશરે ૧૬૫.૪ મિલિયન વાહનો પાસે ફરજિયાત થર્ડ-પાર્ટી વીમો નથી. આનાથી અકસ્માતનો ભોગ બનેલા લોકો અને તેમના પરિવારોને વિલંબિત અથવા અપૂરતું વળતર મળવાનું જોખમ રહેલું છે. હવે, તેના તાજેતરના નિર્ણયમાં, સુપ્રીમ કોર્ટ ઈચ્છે છે કે કેન્દ્ર સરકાર એક સરળ નિયમ લાગુ કરેઃ જો માન્ય થર્ડ-પાર્ટી વીમો ઉપલબ્ધ ન હોય, તો ઈંધણ પૂરું પાડવામાં આવશે નહીં.

પ્રસ્તાવિત પાયલોટ પ્રોજેક્ટ હેઠળ, પેટ્રોલ પંપ ઈંધણ આપતા પહેલા વાહનોની વીમા સ્થિતિ તપાસશે. જે વાહનો પાસે માન્ય થર્ડ-પાર્ટી વીમા પોલિસી નથી તેમને કવર રિન્યૂ ન થાય ત્યાં સુધી ઈંધણ આપવાનો ઈનકાર કરી શકાય છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે સૈદ્ધાંતિક રીતે આ દરખાસ્ત સામે વાંધો ઉઠાવ્યો નથી.

સુપ્રીમ કોર્ટે ઈર્ઙ્ઘઉઅઈ ને કેટલીક જરૂરી સૂચનાઓ જારી કરવા પણ કહ્યું, જેમાં નવી કાર માટે થર્ડ-પાર્ટી વીમાની માન્યતા ૩ વર્ષથી વધારીને ૪ વર્ષ અને નવા ટુ-વ્હીલર માટે ૫ વર્ષથી વધારીને ૬ વર્ષ કરવાનો સમાવેશ થાય છે. કોર્ટે કહ્યું, ''આનો હેતુ માત્ર માર્ગ અકસ્માતનો ભોગ બનેલા લોકોને વળતર પૂરું પાડવાનો નથી, પરંતુ તેમને લાંબા સમયથી ચાલતા કાનૂની વિવાદોમાં ફસાવવાથી અટકાવવાનો પણ છે.''

## રેપો રેટ યથાવત રાખતી RBI

### લોનની EMI નહીં વધેઃ સતત બીજી વાર રેપોરેટ રખાયો યથાવત

નવી દિલ્હી, તા.૫

જો તમે હોમ લોન, કાર લોન કે કોઈ અન્ય વ્યક્તિગત લોન લીધી હોય અથવા લેવાનું વિચારી રહ્યા હોવ, તો તમારા માટે મહત્વના સમાચાર આવ્યા છે. ભારતીય રિઝર્વ બેંક (ઙ્ઘૈંઈ) ની મોનેટરી પોલિસી કમિટી (ખઙ્ગઈ) ની બેઠકના પરિણામો જાહેર કરી દેવામાં આવ્યા છે. રિઝર્વ બેંકના ગવર્નર સંજય મલ્હોત્રાએ જાહેરાત કરી છે કે આ વખતે પણ રેપો રેટમાં કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી અને તેને ૫.૨૫% પર સ્થિર રાખવામાં આવ્યો છે.




આ નિર્ણયનો સીધો અર્થ એ થાય છે કે સામાન્ય જનતા પર લોનની ઊખઈનો વધારાનો બોજ નહીં પડે અને હોમ કે ઓટો લોનના વ્યાજદરો હાલ પૂરતા યથાવત જ રહેશે.ઉલ્લેખનીય છે કે, આ પહેલાં જૂન મહિનામાં યોજાયેલી એમપીસીની બેઠકમાં પણ રિઝર્વ બેંકે રેપો રેટ સ્થિર રાખ્યો હતો. તે પહેલાં વર્ષ ૨૦૨૫ દરમિયાન આરબીઆઈએ લોનધારકોને મોટી રાહત આપતાં તબક્કાવાર રીતે રેપો રેટમાં કુલ ૧૨૫ બેઝિસ પોઈન્ટ્સ (૧.૨૫%) નો ઘટાડો કર્યો હતો. આ ઘટાડા બાદ રેપો રેટ ૫.૨૫% ના નીચલા સ્તરે પહોંચ્યો હતો, જેને હાલમાં પણ જાળવી રાખવામાં આવ્યો છે.

રેપો રેટ (ઇ્યાઞ્ઝ ઇફયિં) એ એવો દર છે જેના પર ભારતીય રિઝર્વ બેંક દેશની અન્ય તમામ વાણિજ્યિક બેંકોને ધિરાણ (લોન) આપે છે. જ્યારે રેપો રેટ વધે છેઃ બેંકો માટે આરબીઆઈ પાસેથી લોન લેવી મોંઘી બને છે, જેના કારણે બેંકો પણ પોતાના ગ્રાહકો માટે હોમ, ઓટો કે પર્સનલ લોનના વ્યાજદરમાં વધારો કરે છે અને ગ્રાહકોની ઊખઈ વધી જાય છે. જ્યારે રેપો રેટ સ્થિર રહે છેઃ બેંકોના ધિરાણ ખર્ચમાં કોઈ ફેરફાર થતો નથી, જેથી ગ્રાહકોની હાલની ઊખઈ જેમની તેમ જળવાઈ રહે છે. આરબીઆઈ ફુગાવો (મોંઘવારી) અને દેશના આર્થિક વિકાસ દર વચ્ચે સંતુલન જાળવી રાખવા માટે સમયાંતરે મોનેટરી પોલિસી બેઠકમાં રેપો રેટ અંગે નિર્ણયો લેતી હોય છે.

## સુપ્રીમ કોર્ટને મળશે પ્રથમ મહિલા ચીફ જસ્ટિસ

### રાજ્યસભામાં કેન્દ્રીય મંત્રીની મોટી જાહેરાત

નવી દિલ્હી, તા.૫

ભારતને ટૂંક સમયમાં પોતાના ઈતિહાસમાં પહેલીવાર એક મહિલા મુખ્ય ન્યાયાધીશ (ઈઉંઈ) મળવા જઈ રહ્યા છે. રાજ્યસભામાં સુપ્રીમ કોર્ટ (ન્યાયાધીશોની સંખ્યા) સુધારા વિધેયક, ૨૦૨૬ પર ચર્ચા દરમિયાન કેન્દ્રીય કાનૂન મંત્રી અર્જુન રામ મેઘવાલે આ અંગે મહત્વની માહિતી આપી હતી. લોકસભામાં પહેલાથી જ પસાર થઈ ચૂકેલા આ વિધેયક પર ચર્ચા બાદ રાજ્યસભામાં તેને પરત મોકલવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.

વિપક્ષ દ્વારા મહિલા ન્યાયાધીશોના પ્રતિનિધિત્વ પર ઉઠાવવામાં આવેલા સવાલોનો જવાબ આપતા કાનૂન મંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે ભારત ટૂંક સમયમાં જ ન્યાયતંત્રના સર્વોચ્ચ પદ પર એક મહિલા ન્યાયાધીશને જોશે. તેમણે ઉમેર્યું હતું કે તાજેતરમાં જ ગુજરાત, આંધ્ર પ્રદેશ, મેઘાલય અને પટના હાઈકોર્ટમાં મહિલા મુખ્ય ન્યાયાધીશો સેવા આપી ચૂક્યા છે, જે દેશમાં નારી શક્તિને પ્રોત્સાહન આપવાના સરકારના વિઝનનો એક ભાગ છે. સુપ્રીમ કોર્ટમાં કેસોનો ઝડપી નિકાલ લાવવા માટે ન્યાયાધીશોની સંખ્યા ૩૪ થી વધારીને ૩૮ કરવામાં આવી છે. કાનૂન મંત્રીએ જણાવ્યું કે ૨૮ જાન્યુઆરી ૧૯૫૦ ના રોજ જ્યારે સુપ્રીમ કોર્ટની સ્થાપના થઈ ત્યારે માત્ર ૮ ન્યાયાધીશો જ હતા. સમય જતાં કેસોનું ભારણ વધતા આ સંખ્યામાં વધારો કરાયો છે. આ માટે કેન્દ્રીય મંત્રીમંડળે ૫ મે ૨૦૨૬ ના રોજ મંજૂરી આપી હતી અને ત્યારબાદ અધ્યાદેશ લાવીને ૧ જૂન ૨૦૨૬ થી ૫ નવા ન્યાયાધીશોની નિમણૂક કરવામાં આવી હતી.

સંસદમાં ચર્ચા દરમિયાન કાનૂન મંત્રી અર્જુન રામ મેઘવાલે જણાવ્યું હતું કે ન્યાયતંત્ર પર સતત વધી રહેલું કામનું ભારણ, ન્યાયિક બાબતોના બદલાતા સ્વરૂપ અને ઉભરતા બંધારણીય તથા કાનૂની મુદ્દાઓને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની સંખ્યા વધારવી એ સમયની માંગ અને સમયસરનો સુધારો છે.અદાલતોમાં કેસો પેન્ડિંગ રહેવાના કારણો અંગે વાત કરતા કાનૂન મંત્રીએ કહ્યું હતું કે તેના ઘણાં કારણો છે, પરંતુ મુખ્ય કારણ તથ્યોની જટિલતા (ઈઞ્ઝળાહયઢ્ઢશર્ું ઞ્ઝર રફભતિં) છે. તેમણે ઉદાહરણ આપતા કહ્યું કે શબરીમાલા કેસ અને તેના જેવા અન્ય ઘણા કેસો આવી જ જટિલતા ધરાવે છે જે સુપ્રીમ કોર્ટ સમક્ષ આવે છે.આ બેંચો માત્ર સૌથી જૂના સિવિલ અને ક્રિમિનલ કેસોની સુનાવણી કરશે અને તેમને દૈનિક રૂટિન કેસોની સુનાવણીમાંથી મુક્ત રાખવામાં આવ્યા છે. તેનો મુખ્ય હેતુ વર્ષોથી અટકેલા કેસોનો સમયસર નિકાલ કરીને સામાન્ય લોકોને ઝડપી ન્યાય આપવાનો છે.બિલ પરની ચર્ચા અને સાંસદોનો આભાર આ બિલ અંગે વાત કરતા અર્જુન રામ મેઘવાલે માહિતી આપી હતી કે સુપ્રીમ કોર્ટ (ન્યાયાધીશોની સંખ્યા) સુધારા વિધેયક, ૨૦૨૬ પરની ચર્ચામાં કુલ ૩૩ સાંસદોએ ભાગ લીધો હતો. તમામ સાંસદોએ પોતપોતાના કિંમતી સૂચનો અને વિચારો રજૂ કર્યા તે બદલ મંત્રીએ તમામનો આભાર વ્યક્ત કર્યો હતો.અદાલતોના કામકાજને વધુ આધુનિક અને ડિજિટલ બનાવવા માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. ન્યાયિક માળખાને મજબૂત કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ રૂ. ૭૯૫.૫૩ કરોડના ખર્ચે સુપ્રીમ કોર્ટ ભવનના વિસ્તરણનું કામ બે તબક્કામાં ચાલી રહ્યું છે.કાનૂન મંત્રીએ સ્પષ્ટતા કરી હતી કે ન્યાયાધીશોની નિમણૂક બંધારણના આર્ટિકલ ૧૨૪, ૨૧૭ અને ૨૨૪ મુજબ થાય છે. આ પ્રક્રિયા વર્ષ ૧૯૯૩ અને ૧૯૯૮ ના સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક ચુકાદાઓ આધારે તૈયાર કરાયેલા મેમોરેન્ડમ ઓફ પ્રોસિજર (ખઞ્ઝડ) મુજબ ન્યાયતંત્ર અને કારોબારીના પરસ્પર સહયોગથી પૂર્ણ કરવામાં આવે છે.

## નવું ટેક્સ સુધારા બિલ લોકસભામાં રજૂ

### ડાયમંડ ઉદ્યોગથી લઈને ઈલેક્ટ્રોનિક સેક્ટર સુધી કોને શું ફાયદો?

નવી દિલ્હી, તા.૫

ભારતને વૈશ્વિક રોકાણ, મેન્યુફેક્ચરિંગ અને ડેટા હબ બનાવવાના ઉદ્દેશ્યથી કેન્દ્ર સરકારે નવું ટેક્સ સુધારા બિલ એટલે કે 'ધ ટેક્સેશન એન્ડ અધર લોઝ સુધારા બિલ, ૨૦૨૬' લાવ્યું છે. લોકસભામાં પસાર થયેલું આ બિલ માત્ર એક કાનૂની સુધારો નથી, પરંતુ દેશમાં વૈદેશિક મૂડી (ત્ર્ઞ્ઝયિશલક્ષ ઈફાશફિંહ) આકર્ષવા, 'મેક ઇન ઇન્ડિયા'ને મજબૂત કરવા અને 'ઇઝ ઑફ ડૂઇંગ બિઝનેસ'ને નવા સ્તરે લઈ જવાનો એક માસ્ટરપ્લાન છે. નાણા મંત્રાલયના દિશા-નિર્દેશો મુજબ, આ બિલ ઈલેક્ટ્રોનિક્સ, ડેટા સેન્ટર, ડાયમંડ ટ્રેડ, ફંડ મેનેજમેન્ટ અને બિઝનેસ ટ્રસ્ટ(છીઈઈઝત/ ઈક્ષદઈઝત)માં રોકાણ કરનારા નાના રોકાણકારો માટે ટેક્સના નિયમોને અત્યંત પારદર્શી અને દૂરોગામી બનાવશે.

ભારતને મોબાઈલ, લેપટોપ અને સર્વર મેન્યુફેક્ચરિંગનું વૈશ્વિક હબ બનાવવા માટે બે મોટાં પગલાં લેવામાં આવ્યા છે. અત્યાર સુધી ભારતીય ઈલેક્ટ્રોનિક્સ ફેક્ટરીઓ માટે કસ્ટમ બોન્ડેડ વેરહાઉસમાં પાર્ટ્સ રાખનારી વિદેશી કંપનીઓએ ૨% પ્રેઝમ્પ્ટિવ ટેક્સ (જફરય ઈફબિઞ્ઝી) ચૂકવવો પડતો હતો. જોકે, આ પ્રક્રિયામાં ટેક્સ સંબંધી કાનૂની વિવાદો અને ગૂંચવણો ઊભી થવાનો સતત ડર રહેતો હતો.

નવા બિલમાં આ ૨% ટેક્સને સંપૂર્ણપણે નાબૂદ કરીને આગામી ૧૫ વર્ષ માટે ૧૦૦% ટેક્સ-ફ્રી કરી દેવામાં આવ્યો છે, જેથી ભારત વિયેતનામ જેવા દેશો કરતાં આગળ નીકળી શકશે. આ ઉપરાંત, ભારતીય કંપનીઓને ઈલેક્ટ્રોનિક્સ સામાન બનાવવા માટે મશીનરી આપનારી વિદેશી કંપનીઓની ટેક્સ છૂટની સીમા ૫ વર્ષથી વધારીને ૧૫ વર્ષ (નાણાકીય વર્ષ ૨૦૪૦-૪૧ સુધી) કરી દેવામાં આવી છે.

રિયલ એસ્ટેટ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડમાં રોકાણ કરનારા સામાન્ય નાના રોકાણકારોના હિતોનું રક્ષણ કરવામાં આવ્યું છે. અગાઉ જો બિઝનેસ ટ્રસ્ટની ઓપરેટિંગ કંપની (જીઁટ) ન્યૂ ટેક્સ રિજીમ પસંદ કરતી હતી, તો રોકાણકારોને મળતું ડિવિડન્ડ ટેક્સ-ફ્રી રહેતું નહોતું. પરંતુ નવા બિલમાં સુધારો કરીને યુનિટ હોલ્ડર્સ માટે ડિવિડન્ડ પર ટેક્સ છૂટ પુનઃસ્થાપિત કરવામાં આવી છે. મહેસૂલ નુકસાનની ભરપાઈ માટે કંપની (જીઁટ) સ્તરે મામૂલી વધારાનો ચાર્જ લાગશે, જેનાથી નાના રોકાણકારોના ખિસ્સા પર કોઈ અસર પડશે નહીં.

ભારતમાં મોટા પાયે 'અઈ ઉફફિં ઈશશિંયત' વિકસાવવા અને વૈશ્વિક ક્લાઉડ કંપનીઓને આકર્ષવા માટે બિનજરૂરી નિયમ નાબૂદ કરી દેવામાં આવે છે. હવે વિદેશી ક્લાઉડ કંપનીઓ અને ભારતીય ડેટા સેન્ટરોએ આઈટી મંત્રાલય પાસેથી અલગ-અલગ 'નોટિફિકેશન' કે મંજૂરીઓ લેવાની જરૂર રહેશે નહીં. વધુમાં, ભારતીય કંપનીઓ હવે લીઝ પર લીધેલી જમીન કે બિલ્ડિંગમાં પણ વર્લ્ડ-ક્લાસ ડેટા સેન્ટર ચલાવી શકશે, જેનાથી શરૂઆતમાં જંગી મૂડી રોકાણ કરવાની જરૂર રહેશે નહીં.

મુંબઈ અને સુરતના સ્પેશિયલ નોટિફાઈડ ઝોન્સ (જીાણ)માં માત્ર કાચા હીરા(રફ ડાયમંડ)નું પ્રદર્શન જ નહીં, પરંતુ ખરીદ-વેચાણને પણ ૧૫ વર્ષ માટે ટેક્સ-ફ્રી કરી દેવામાં આવશે. આ ટેક્સ છૂટનો વ્યાપ વિદેશી માઈનિંગ કંપનીઓની સાથે-સાથે તેમના બ્રોકર્સ, સાઈટ હોલ્ડર્સ, એગ્રીગેટર્સ અને ઓક્શન હાઉસીસ સુધી લંબાવવામાં આવશે જેથી કરીને સમગ્ર વૈશ્વિક હીરા વેપાર ભારતમાં શિફ્ટ થઈ શકે.

## દેશમાં કાર્યરત ૩૨ નકલી યુનિવર્સિટીઓ

### UGCએ જાહેર કરી ચેતવણી, ગુજરાતની એકપણ નહીં

નવી દિલ્હી, તા.૫

ેંય્ઈ અને કેન્દ્ર સરકારે દેશમાં શિક્ષણ ક્ષેત્રે થતી છેતરપિંડી રોકવા કડક પગલાં લીધા છે. રાજ્યસભામાં અપાયેલી માહિતી મુજબ, ભારતમાં ૩૨ સંસ્થાઓ નકલી યુનિવર્સિટી તરીકે કાર્યરત છે. ેંય્ઈ દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૬માં જાહેર કરાયેલી યાદીમાં આંધ્રપ્રદેશ, દિલ્હી, ઉત્તર પ્રદેશ સહિતના રાજ્યોની નકલી યુનિવર્સિટીઓનો સમાવેશ થાય છે. સરકારે આવી સંસ્થાઓ સામે હ્લૈંઇ નોંધવા અને તેમને બંધ કરાવવા આદેશ આપ્યો છે. શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓ સાથે થતી છેતરપિંડી રોકવા માટે કેન્દ્ર સરકાર અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન(ેંય્ઈ) દ્વારા કડક પગલાં ભરવામાં આવી રહ્યા છે. કેન્દ્ર સરકારે રાજ્યસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં માહિતી આપી છે કે, દેશમાં હાલ ૩૨ સંસ્થાઓ નકલી (ગેરકાયદેસર) યુનિવર્સિટી તરીકે કાર્યરત હોવાનું સામે આવ્યું છે. શિક્ષણમંત્રીએ રાજ્યસભામાં આપી માહિતી શિક્ષણ રાજ્ય મંત્રી ડો. સુકાંત મજુમદારે રાજ્યસભામાં જણાવ્યું હતું કે, શિક્ષણ એ સમવર્તી યાદીમાં સમાવિષ્ટ છે, તેથી કેન્દ્ર અને રાજ્ય સરકારો આ અંગે સાથે મળીને કામ કરી રહી છે. ેંય્ઈ દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૬માં પ્રકાશિત કરવામાં આવેલી તાજેતરની યાદી મુજબ ૩૨ સંસ્થાઓને નકલી યુનિવર્સિટીઓ જાહેર કરવામાં આવી છે. આ યાદી ેંય્ઈની સત્તાવાર વેબસાઈટ પર પણ જાહેર જનતા માટે ઉપલબ્ધ કરાવવામાં આવી છે.




વિદ્યાર્થીઓ અને વાલીઓ છેતરપિંડીનો ભોગ ન બને તે માટે ેંય્ઈની વેબસાઈટ પર જાહેર નોટિસ જારી કરીને સાવચેત કરવામાં આવ્યા છે.સંબંધિત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો તથા શિક્ષણ સચિવોને પત્ર લખીને ેંય્ઈ અધિનિયમ, ૧૯૫૬ના ઉલ્લંઘન બદલ આ નકલી સંસ્થાઓ સામે યોગ્ય કાનૂની કાર્યવાહી કરવા અને હ્લૈંઇ નોંધવા વિનંતી કરવામાં આવી છે.દેશની ૩૨ નકલી યુનિવર્સિટીઓની યાદી (ફેબ્રુઆરી ૨૦૨૬) જાહેર કરાઈ છે જેમાં ક્રાઈસ્ટ ન્યૂ ટેસ્ટામેન્ટ ડીમ્ડ યુનિવર્સિટી, આંધ્ર પ્રદેશ, બાઈબલ ઓપન યુનિવર્સિટી ઑફ ઇન્ડિયા,આંધ્ર પ્રદેશ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ અલ્ટરનેટિવ મેડિસિન, અરુણાચલ પ્રદેશમાઉન્ટેન ઇન્સ્ટિટયૂટ ઑફ મેનેજમેન્ટ ઍન્ડ ટેક્નોલોજી, દિલ્હી, વર્લ્ડ પીસ ઑફ યુનાઇટેડ નેશન્સ યુનિવર્સિટી (ઠઁેંગઞ) દિલ્હી, ઇન્સ્ટિટયૂટ ઑફ મેનેજમેન્ટ ઍન્ડ એન્જિનિયરિંગ, નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ સોલ્યુશન, દિલ્હી ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક ઍન્ડ ફિઝિકલ હેલ્થ સાયન્સિસ (અઈઈઁૐજ) સ્ટેટ ગવર્નમેન્ટ યુનિવર્સિટી. દિલ્હી, કોમર્શિયલ યુનિવર્સિટી લિમિટેડ, દિલ્હી, યુનાઇટેડ નેશન્સ યુનિવર્સિટી, વોકેશનલ યુનિવર્સિટી, દિલ્હી. અડીઇ-સેન્ટ્રિક જ્યુરિડિકલ યુનિવર્સિટી. દિલ્હી, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ ઍન્ડ એન્જિનિયરિંગ, દિલ્હી,વિશ્વકર્મા ઓપન યુનિવર્સિટી ફોર સેલ્ફ એમ્પ્લોયમેન્ટ. દિલ્હી. અધ્યાત્મિક વિશ્વવિદ્યાલય (સ્પિરિચ્યુઅલ યુનિવર્સિટી).દિલ્હી, મેજિક ઍન્ડ આર્ટ યુનિવર્સિટી, હરિયાણા, દક્ષા યુનિવર્સિટી (વોકેશનલ ઍન્ડ લાઈફ સ્કિલ એજ્યુકેશન), ઝારખંડ, ગ્લોબલ હ્યુમન પીસ યુનિવર્સિટી, કર્ણાટક, સર્વ ભારતીય શિક્ષા પીઠ, કર્ણાટક, ઇન્ટરનેશનલ ઇસ્લામિક યુનિવર્સિટી ઑફ પ્રોફેટિક મેડિસિન (ઈઈઅઙ્ખ), કેરળ સેન્ટ જોન્સ યુનિવર્સિટી,કેરળ રાજા અરેબિક યુનિવર્સિટી મહારાષ્ટ્ર,નેશનલ બેકવર્ડ કૃષિ વિદ્યાપીઠ મહારાષ્ટ્ર, ઉષા લક્ષ્મુનન કોલેજ ઑફ એજ્યુકેશન પુડુચેરી. શ્રી બોધિ એકેડમી ઑફ હાયર એજ્યુકેશન, પુડુચેરી, રાજીવ ગાંધી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી ઍન્ડ મેનેજમેન્ટ રાજસ્થાન, ગાંધી હિન્દી વિદ્યાપીઠ, ઉત્તર પ્રદેશ, નેતાજી સુભાષ ચંદ્ર બોઝ યુનિવર્સિટી (ઓપન યુનિવર્સિટી)ઉત્તર પ્રદેશ,ભારતીય શિક્ષા પરિષદ, ઉત્તર પ્રદેશ મહામાયા ટેક્નિકલ યુનિવર્સિટી, ઉત્તર પ્રદેશ.., ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ અલ્ટરનેટિવ મેડિસિન, પશ્ચિમ બંગાળ ન્સ્ટિટયૂટ ઑફ અલ્ટરનેટિવ મેડિસિન ઍન્ડ રિસર્ચ, પશ્ચિમ બંગાળ કેન્દ્ર સરકારે તમામ રાજ્યોને આવી ગેરકાયદેસર સંસ્થાઓને તાત્કાલિક અસરથી બંધ કરાવવા અને ખોટી રીતે 'યુનિવર્સિટી' શબ્દનો ઉપયોગ કરીને ડિગ્રીઓ આપનારા તત્ત્વો સામે કડક પગલાં લેવા આદેશ આપ્યા છે.

### ખાતર વિતરણમાં પારદર્શિતા લાવવા વધુ એક પ્રયાસ

# ખાતરની કાળાબજારી-સંગ્રહખોરી રોકાશે

## દરેક જિલ્લાના ટોપ યુરિયા વેચાણ કરનાર ડીલર્સની ચકાસણી કરાશેઃ ગેરરીતિ કરનારા સામે કડક કાર્યવાહી થશેઃ કૃષિ મંત્રી

ગાંધીનગર, તા.૫

રાજ્યના ખેડૂતોને પૂરતા પ્રમાણમાં, વ્યાજબી ભાવે અને પારદર્શી રીતે રાસાયણિક ખાતર મળી રહે તે માટે રાજ્ય સરકારે વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીની સૂચનાથી કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા રાજ્યમાં સબસિડાઈઝ ખાતરની વિતરણ વ્યવસ્થાની ચકાસણી કરવા તેમજ ગેરરીતિઓ સામે કડક પગલાં લેવા માટે તપાસ અધિકારીઓ અને નિરીક્ષણ અધિકારીઓની વિશેષ નિમણૂંક કરવામાં આવી છે.

આ અંગે વિગતો આપતાં કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યુ હતું કે, રાજ્યમાં સબસિડાઈઝડ ખાતરનો ઔદ્યોગિક કે બિન-કૃષિ ઉપયોગ તરફનો ડાયવર્ઝન, સંગ્રહખોરી કરીને કૃત્રિમ અછત ઊભી કરવી, કાળા બજારી, બનાવટી ખાતરનું વેચાણ તેમજ યુરિયા ખાતર સાથે અન્ય પ્રોડક્ટનું ફરજિયાત ટેગિંગ કરવા જેવી ગેરરીતિઓ સાંખી લેવામાં આવશે નહીં. ખેડૂતોના હિતનું રક્ષણ કરવા માટે સમગ્ર રાજ્યના જિલ્લાઓમાં તપાસ અધિકારીઓ અને નિરીક્ષણ અધિકારીઓની ટીમો તૈનાત કરવાનો નિર્ણય લેવાયો છે.

નિમણૂક કરાયેલા તપાસ અધિકારીઓ ખાતરના ડીલર્સની રૂબરૂ મુલાકાત લઈ ધ્વજ મશીનના આંકડા અને ફિઝિકલ સ્ટોકની સચોટ ચકાસણી કરશે. તેઓ દરેક જિલ્લામાં યુરિયાનું સૌથી વધુ વેચાણ કરતા 'ટોપ ડીલર્સ'ની પણ વિગતવાર તપાસ કરશે. આ ઉપરાંત, ખેડૂતોને તેમની માંગણી મુજબ ખાતર મળે છે કે નહીં, યુરિયા સાથે અન્ય કોઈ ખાતર કે પ્રોડક્ટ પરામર્શ વગર ટેગ કરવામાં આવે છે કે નહીં, તેની પણ કડક ચકાસણી કરાશે.

તપાસ અધિકારીઓ યુરીયા ખાતરનો વપરાશ કરતાં યુનીટોની પણ મુલાકાત લેશે તેમજ શંકાસ્પદ યુરીયાના નમુના લઈને ખાતર ઉદ્યોગોમાં ડાયવર્ટ ન થાય તે સુનિશ્ચિત કરશે. દરેક તપાસ અધિકારીના કામગીરીની દેખરેખ માટે નિરીક્ષણ અધિકારીની પણ ઝોન વાઈઝ નિમણૂક કરવામાં આવી છે, જ્યારે આ સમગ્ર પ્રક્રિયાનું રાજ્યના ખેતી નિયામક દ્વારા રોજેરોજ મોનિટરિંગ કરવામાં આવશે.

જો તપાસ દરમિયાન કોઈ પણ ડીલર કે એજન્સી સ્ટોકમાં અનિયમિતતા, વધુ ભાવ વધારો કે ટેગિંગ જેવી ગેરરીતિઓમાં દોષિત જણાશે તો તેમની સામે કડકમાં કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. રાજ્ય સરકાર ખેડૂતોને ખાતર પુરવઠો સરળતાથી અને યોગ્ય ભાવે ઉપલબ્ધ કરાવવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે.



### રાજકોટમાં દેહવ્યાપારનું વધુ એક કૌભાંડ ઝડપાયું

# બ્યુટીપાર્લરની નોકરીની લાલચે યુવતી પાસે દેહવ્યાપાર કરાવ્યો

**હોટલ સંચાલક દંપતીએ યુવતીના પતિને છોડાવવા માટે ૪ લાખનો ખર્ચ થશે તેમ કહી દેહવ્યાપારના કામમાં ધકેલી દીધીઃ અઢી મહિનામાં ૨૫૦ કસ્ટમર પાસે શરીર સંબંધ બાંધવા મજબૂર કરી, જાતિ વિષયક અપમાનિત કરવા બદલ ત્રણ સામે ફરિયાદ**

રાજકોટ, તા.૫

શહેરમાં નોકરીની લાલચ આપીને નિર્દોષ યુવતીઓને દેહવ્યાપારના કાળા કારોબારમાં ધકેલી દેવાની એક ઘટના સામે આવી છે. મૂળ જૂનાગઢના વંથલી તાલુકાના વતની અને હાલ રાજકોટમાં રહેતી એક ૨૦ વર્ષીય અનુસૂચિત જાતિની પરિણીત યુવતી પાસે બ્યુટીપાર્લરની નોકરીની લાલચ આપી બળજબરીથી દેહવ્યાપાર કરાવ્યાની ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. આ મામલે હોટલ સંચાલક દંપતી સહિત ત્રણ શખ્સો સામે 'ધ ઈમોરલ ટ્રાફિક પ્રિવેન્શન એક્ટ' અને 'એટ્રોસિટી એક્ટ' હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ફરિયાદી યુવતીએ જૂનાગઢ આઈ.ટી.આઈ. માંથી બ્યુટીપાર્લરનો કોર્સ કર્યો હતો. તેના મિત્ર અને હાલના પતિ હિમાંશુ ભાદરકાએ તેને રાજકોટમાં બ્યુટીપાર્લરનું કામ શોધી આપવાની વાત કરી હતી અને હિરેનભાઈ રૂડકીયાની પત્ની રિદ્ધિબેન સાથે ઓળખાણ કરાવી હતી. તારીખ ૧૫/૧૧/૨૦૨૫ ના રોજ હિરેન રૂડકીયા અને રિદ્ધિબેન યુવતીના વતન આવ્યા હતા અને તેના પિતાને મહિને રૂ. ૧૫,૦૦૦ પગાર આપવાની વાત કરી, રૂ. ૧૦,૦૦૦ રોકડા એડવાન્સ આપીને યુવતીને રાજકોટ લઈ આવ્યા હતા.

રાજકોટ આવ્યા બાદ તેમને મિલપરા શેરી નં. ૧૪ માં આવેલી એચ. આર. કિંગ હોટલમાં ઉતારો આપવામાં આવ્યો હતો. પરંતુ બીજા જ દિવસે યુવતીના પતિ હિમાંશુને કોઈ કેસમાં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં હાજર થવાનું હતું. રિદ્ધિબેને યુવતીને કહ્યું કે હિમાંશુની જેલ એન્ટ્રી થશે અને તેને છોડાવવા માટે વકીલ રોકવો પડશે જેમાં અંદાજે ૪ લાખ રૂપિયાનો ખર્ચ થશે. આ ખર્ચના રૂપિયા ભેગા કરવા માટે રિદ્ધિબેને યુવતીને સમજાવી કે દેહવ્યાપારના ધંધામાં સારા પૈસા મળશે અને એક કસ્ટમરના રૂ. ૨,૦૦૦ અને નાઈટના રૂ. ૮,૦૦૦ આપવાની લાલચ આપી હતી. પતિને છોડાવવા રૂપિયાની જરૂર હોવાથી યુવતી મજબૂરીવશ આ કામ માટે તૈયાર થઈ ગઈ હતી. ત્યારબાદ રિદ્ધિબેન યુવતીને એચ. આર. કિંગ હોટલ ઉપરાંત શહેરની અન્ય હોટલો જેવી કે શિવ શક્તિ હોટલ અને તેજપેલેસ હોટલમાં પણ દેહવ્યાપાર માટે મોકલતી હતી. આ માટે હિરેનનો નાનો ભાઈ મયુર રૂડકીયા યુવતીને એક્ટિવા પર લેવા-મૂકવા જતો હતો. આશરે ત્રણ સાડા ત્રણ મહિનામાં રિદ્ધિબેને યુવતી પાસે ૨૫૦ જેટલા કસ્ટમર પાસે શરીર સંબંધ બંધાવ્યા હતા અને ૨૮ જેટલી નાઈટ કરાવી હતી. પરંતુ યુવતીને નક્કી કરેલી રકમમાંથી એકપણ રૂપિયો ચૂકવ્યો ન હતો અને તમામ પેમેન્ટ રિદ્ધિબેને પોતાના યુપીઆઈમાં જમા કરાવી લીધું હતું.જ્યારે યુવતીએ આ કામથી કંટાળીને ના પાડી ત્યારે આરોપી દંપતીએ તેને અને તેના પિતાને બદનામ કરવાની ધમકી આપી હતી. ત્યારબાદ જ્યારે યુવતીએ પોતાના કામના રૂપિયાનો હિસાબ માંગ્યો ત્યારે તેની સાથે ઝઘડો કરી જાહેરમાં જાતિ વિષયક અપમાનિત કરી હતી. આ સમગ્ર મામલે ભોગ બનનાર યુવતીએ પોલીસ કમિશનરને અરજી કરી હતી, જેના આધારે ભક્તિનગર પોલીસે હિરેન કિશોર રૂડકીયા, રિદ્ધિ હિરેન રૂડકીયા અને મયુર કિશોર રૂડકીયા (તમામ રહે. આદર્શ એવન્યુ, મવડી પ્લોટ, રાજકોટ) વિરુદ્ધ 'ધ ઈમોરલ ટ્રાફિક પ્રિવેન્શન એક્ટ' ૧૯૫૬ ની કલમ ૩, ૪, ૫ તથા 'એટ્રોસિટી એક્ટ' ની કલમ ૩(૧)(આર) મુજબ ગુનો નોંધી આગળની તપાસ મદદનીશ પોલીસ કમિશનર રાજેશભાઈ બારીઆને સોંપી છે.

# ગુજરાત યુનિવર્સિટી બની પ્રથમ સ્ટેટ ઓટોનોમી યુનિવર્સિટી

## ગુજરાત યુનિવર્સિટીની આ સ્વાયત્તતાથી સંશોધન અને ઈનોવેશનને મળશે નવો વેગઃ શિક્ષણ મંત્રી

અમદાવાદ, તા.૫

ગુજરાત યુનિવર્સિટીએ રાજ્યના ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (ગ્રઞ્ઈ) ના ૨૦૧૮ ના રેગ્યુલેશન હેઠળ ૨૯ જુલાઈ ૨૦૨૬ ના રોજ ગુજરાત યુનિવર્સિટીને પ્રતિષ્ઠિત 'ઈફયિલજ્ઞુ-ઈઈ અક્ષશદયતિશું' તરીકેની માન્યતા આપવામાં આવી છે. આ ગૌરવશાળી માન્યતા અને તેની સાથે જોડાયેલા તમામ લાભો મેળવનારી ગુજરાત યુનિવર્સિટી સમગ્ર રાજ્યની પ્રથમ અને એકમાત્ર સ્ટેટ યુનિવર્સિટી બની ગઈ છે.

ગ્રઞ્ઈ દ્વારા મળેલી આ ગ્રેડેડ ઓટોનોમી (સ્વાયત્તતા) ના પરિણામે હવે ગુજરાત યુનિવર્સિટી પોતાની મરજી મુજબ ગ્રઞ્ઈ ની પૂર્વમંજૂરી વિના જ વર્તમાન માળખામાં નવા અભ્યાસક્રમો, વિભાગો, સ્કૂલો અને વિશિષ્ટ કેન્દ્રો શરૂ કરી શકશે. આ ઉપરાંત, નેશનલ સ્કિલ્સ ક્વોલિફિકેશન ફ્રેમવર્ક (ગજ્યક્ર) મુજબ ઉદ્યોગ અને રોજગારલક્ષી નવા ડિપ્લોમા અને સર્ટિફિકેટ કોર્સ પણ શરૂ કરી શકાશે. શિક્ષણના વ્યાપને વધુ વિસ્તારવા યુનિવર્સિટી ઓપન એન્ડ ડિસ્ટન્સ લર્નિંગ (ઘઉક) પ્રોગ્રામ્સ પણ ચલાવી શકશે. એટલું જ નહીં, મંજૂર થયેલા અધ્યાપકોની સંખ્યા ઉપરાંત ૨૦% સુધી લાયકાત ધરાવતા વિદેશી અધ્યાપકોની કરાર આધારિત નિમણૂક કરી શકાશે અને સ્થાનિક વિદ્યાર્થીઓની ક્ષમતા ઉપરાંત ૨૦% સીટો પર વિદેશી વિદ્યાર્થીઓને ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપી શકાશે.આ ઐતિહાસિક ઉપલબ્ધિ બદલ રાજ્યના શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાએ યુનિવર્સિટી પરિવાર, અધ્યાપકો અને વિદ્યાર્થીઓને હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. તેમણે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતનું શિક્ષણ ક્ષેત્ર નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. ગુજરાત યુનિવર્સિટીને મળેલું આ ગૌરવ રાજ્યના ઉચ્ચ શિક્ષણના ઈતિહાસમાં એક સુવર્ણ અધ્યાય છે, જે 'વિકસિત ગુજરાત ૨૦૪૭' અને 'વિકસિત ભારત ૨૦૪૭' ના સંકલ્પને સાકાર કરવામાં પાયાનો પથ્થર સાબિત થશે.શિક્ષણ મંત્રી ડો. વાજાએ વધુમાં ઉમેર્યું હતું કે, આ સિદ્ધિ યુનિવર્સિટીની ઉત્કૃષ્ટ શૈક્ષણિક ગુણવત્તા, ઉચ્ચ કક્ષાનું સંશોધન અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (ગઊઙ-૨૦૨૦) ના અસરકારક અમલીકરણનું જ સુખદ પરિણામ છે. આ સ્વાયત્તતાના કારણે વિદ્યાર્થીઓના કૌશલ્ય વિકાસ અને રોજગારીની તકોમાં અભૂતપૂર્વ વધારો થશે. આ સાથે જ યુનિવર્સિટીમાં ઉચ્ચ સ્તરનું સંશોધન, ઈનોવેશન, બહુવિષયક (ખીહશિંમશતભશાહશક્ષફુ) અભ્યાસક્રમો અને આંતરરાષ્ટ્રીય કક્ષાના વૈશ્વિક શૈક્ષણિક સહયોગને એક નવી દિશા અને અદભુત વેગ મળશે.

# કોમનવેલ્થ ગેમ્સનો ધ્વજ ગાંધીનગરમાં

## નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને કોમનવેલ્થ ફ્લેગ વિધિવત રીતે અર્પણ કર્યો

ગાંધીનગર, તા.૫

ગુજરાતમાં આગામી વર્ષ ૨૦૩૦ માં યોજાનાર કોમનવેલ્થ ગેમ્સની ઔપચારિક તૈયારીઓના ગણેશ થઈ ગયા છે. ગ્લાસગોનું સમાપન થતાં આગામી ૨૦૩૦ ના યજમાન રાજ્ય તરીકે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને ગ્લાસગોમાં કોમનવેલ્થ ગેમ્સ ફ્લેગ સોંપવામાં આવ્યો હતો. પ્રતિનિધિ મંડળ સાથે ગ્લાસગોથી ગાંધીનગર પરત ફરેલા નાયબ મુખ્યમંત્રીએ રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને આ ધ્વજ સંપૂર્ણ ગૌરવ અને સન્માન સાથે વિધિવત રીતે અર્પણ કર્યો હતો. આ ઐતિહાસિક ક્ષણને સમગ્ર મંત્રીમંડળે હર્ષોલ્લાસથી વધાવી લીધી હતી. આ ધ્વજ આગામી ૨૦૩૦ ના કોમનવેલ્થ ગેમ્સ સુધી ગુજરાતમાં રહેશે, જેનાથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'ફિટ ઈન્ડિયા' ના મંત્રને વધુ વેગ મળશે અને ખેલાડીઓ માટે તે પ્રેરણાપુંજ બનશે.



આ વખતના કોમનવેલ્થ ગેમ્સમાં ભારતે શાનદાર પ્રદર્શન કરતા ૧૩ ગોલ્ડ, ૧૭ સિલ્વર અને ૯ બ્રોન્ઝ એમ કુલ ૩૯ મેડલ્સ સાથે રાષ્ટ્રમંડળ રમતોમાં ચોથું સ્થાન મેળવ્યું છે. વિશેષ ગૌરવની વાત એ છે કે, ભારતીય પેરા-એથ્લેટ્સે પણ ઉત્કૃષ્ટ પદાર્પણ કરતા ૩ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલ જીતીને કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય પેરા-એથ્લેટિક્સ પોડિયમની ૨૦ વર્ષની આતુરતાનો અંત આણ્યો છે. ધ્વજ અર્પણ કરવાના આ ગૌરવશાળી અવસરે ગ્લાસગો ખાતે આયોજિત કોમનવેલ્થ ગેમ્સ-૨૦૨૬ માં પ્રતિનિધિત્વ કરનારા પેરા ખેલાડી રાકેશ ભટ્ટ, રોહિત મજગુલ અને પેરા ટેબલ ટેનિસ ખેલાડી સોનલ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે જ મુખ્ય સચિવ એમ. કે. દાસ, અગ્ર સચિવ અશ્વિની કુમાર, એમ. થેન્નારસન અને સચિવ રાહુલ ગુપ્તા પણ હાજર રહ્યા હતા.

કોમનવેલ્થ ગેમ્સના સમાપન સમારોહમાં વર્તમાન યજમાન દ્વારા આગામી યજમાન દેશને ધ્વજ સોંપવાની પરંપરાનું એક વિશેષ મહત્વ રહેલું છે. આ હસ્તાંતરણ માત્ર એક ઔપચારિકતા નથી, પરંતુ તે આગામી યજમાન દેશને ગેમ્સના આયોજનની અધિકાર અને જવાબદારી સોંપવાનું પ્રતીક છે, જે પરંપરાની અવિરતતા દર્શાવે છે. ધ્વજ પ્રાપ્ત થતાં જ આગામી યજમાન દેશ માટે ગેમ્સની તૈયારીઓનો ઔપચારિક પ્રારંભ થઈ જાય છે. આ કોમનવેલ્થ ધ્વજ નિષ્પક્ષ રમત, સમાનતા અને વૈશ્વિક ભાઈચારાના મૂલ્યોનું વહન કરે છે અને કોમનવેલ્થ દેશો વચ્ચે વિશ્વાસ, સહકાર અને મિત્રતાનો સંદેશ ફેલાવે છે. આ ફ્લેગ કોમનવેલ્થ પરિવારના દેશો વચ્ચેની રમતગમતની ઉચ્ચ ભાવનાનું જીવંત પ્રતીક છે, જે સમગ્ર વિશ્વમાં સ્પોર્ટ યુનાઈટ્સ અસ ઓલ નો સંદેશો પહોંચાડે છે.

# ગોંડલના કુલદીપસિંહ જાડેજાનો જન્મદિવસ

**૧૦,૦૦૦ થી વધુ 'આયુષ્માન કાર્ડ' કાઢી આપીને છેવાડાના માનવી સુધી પહોંચાડી આરોગ્ય સેવાઃ મેડિકલ કેમ્પ અને વૃક્ષારોપણ જેવા કાર્યોમાં સદાય તત્પર**

રાજકોટ, તા.૫

સમાજસેવા અને રાજકીય ક્ષેત્રે પોતાના અદભુત કાર્યોથી બહોળી લોકચાહના મેળવનાર ગોંડલના વતની અને રાજકોટ જિલ્લા ભાજપ પ્રેસ મીડિયાના સહ-ઇન્ચાર્જ (કન્વીનર) એવા યુવા અગ્રણી કુલદીપસિંહ જનકસિંહ જાડેજા (કાલમેઘડા) નો આજે ૬ઠ્ઠી ઓગસ્ટે જન્મદિવસ છે. ખૂબ જ નાની ઉંમરમાં તેમણે પોતાના સકારાત્મક અભિગમ અને સેવાકીય કાર્યોથી સમાજમાં એક આગવી ઓળખ ઉભી કરી છે.



કુલદીપસિંહ જાડેજા છેલ્લા ઘણા સમયથી ભારતીય જનતા પાર્ટીના સંગઠન સાથે ખભેખભો મિલાવીને ચાલી રહ્યા છે. અગાઉ તેઓએ ગોંડલ પૂર્વ યુવા ભાજપના ઉપપ્રમુખ તરીકે અત્યંત સક્રિય અને પ્રશંસનીય કામગીરી કરી યુવાઓમાં નવો જોશ ભર્યો હતો. તેમના સંગઠનાત્મક કૌશલ્ય, કામ કરવાની ધગશ અને નિષ્ઠાને ધ્યાનમાં રાખીને હાલ તેમને રાજકોટ જિલ્લા ભાજપ પ્રેસ મીડિયાના સહ-ઇન્ચાર્જ (કન્વીનર) તરીકેની મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે, જેને તેઓ બખૂબી અને પૂરી જવાબદારી સાથે નિભાવી રહ્યા છે.

માત્ર રાજકારણ જ નહીં, પરંતુ સામાજિક જવાબદારી નિભાવવામાં પણ તેઓ હંમેશા અગ્રેસર રહ્યા છે. અનેક સામાજિક અને સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા કુલદીપસિંહે તાલુકામાં અનેક લોકઉપયોગી કાર્યો કર્યા છે. તેમની સૌથી મોટી અને નોંધપાત્ર સિદ્ધિ એ છે કે તેમણે અત્યાર સુધીમાં ૧૦,૦૦૦ થી વધુ જરૂરિયાતમંદ લોકોને 'આયુષ્માન કાર્ડ' કાઢી આપવાની અનોખી સેવાકીય કામગીરી કરી છે. તેમના આ ભગીરથ કાર્ય થકી હજારો ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને લાખો રૂપિયાની મફત આરોગ્ય સેવાનો લાભ મળી રહ્યો છે. આ ઉપરાંત, તેઓ સમયાંતરે મેડિકલ કેમ્પનું આયોજન, પર્યાવરણના જતન માટે વૃક્ષારોપણ સહિતના અનેક સેવાકીય કાર્યો માટે અહર્નિશ (રાત-દિવસ) તત્પર રહે છે.

હંમેશા લોકોના પડખે ઉભા રહેતા અને હસમુખું વ્યક્તિત્વ ધરાવતા કુલદીપસિંહ જાડેજાના જન્મદિવસ નિમિત્તે રાજકોટ જિલ્લા ઉપરાંત ગોંડલ પંથક, વિવિધ સામાજિક સંસ્થાઓ, રાજકીય આગેવાનો, મિત્રો અને સ્નેહીજનો તરફથી શુભેચ્છાનો વરસાદ વરસી રહ્યો છે. તેમના મોબાઈલ નંબર ૮૫૧૧૮૬૦૬૫૮ પર લોકો તેમને દીર્ઘાયુ, યશસ્વી અને સ્વસ્થ જીવનની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

**ગોંડલના પૂર્વ યુવા ભાજપ ઉપપ્રમુખ તરીકે સક્રિય ભૂમિકા ભજવ્યા બાદ હાલ જિલ્લા ભાજપમાં અગ્રેસર**

સરકારી જમીન પર ગેરકાયદેસર કબ્જો

# ખોડાપીપરના ખરાબામાં ૫ દુકાનો ખડકી ભાડે આપી


## ભાડે આપનાર શખ્સ સામે લેન્ડ ગ્રેબિંગ હેઠળ ગુનો દાખલ : ખાસ કિસ્સામાં કલેક્ટર સમિતિના આદેશથી મામલતદારે નોંધાવી ફરિયાદ; પોલીસે તપાસના ચક્ર ગતિમાન કર્યા

રાજકોટ, તા. ૫

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના ખોડાપીપર ગામે સરકારી જમીન પર ગેરકાયદેસર કબ્જો જમાવી આર્થિક ઉપાર્જન કરતા શખ્સ સામે તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. ખોડાપીપર ગામના સરકારી ખરાબાના સર્વે નં. ૧૩૭ પૈકી ૨ ની જમીનમાં ગામના જ ભરત સુરેશભાઈ ડાવેરા નામના શખ્સે ગેરકાયદેસર દબાણ કરી પાંચ દુકાનોનું બાંધકામ કરી દીધું હતું. એટલું જ નહીં, આ દુકાનો ભાડે આપીને તેમાંથી નિયમિત આવક મેળવી આર્થિક ઉપાર્જન પણ કરવામાં આવી રહ્યું હતું. મહેસુલી તલાટી તથા સર્કલ ઓફિસર દ્વારા કરાયેલી ફેરણી દરમિયાન આ ગેરકાયદેસર દબાણ ધ્યાને આવતા નાયબ મામલતદાર અને સર્કલ ઓફિસરે સાધનિક કાગળો તૈયાર કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે ૦૭/૦૨/૨૦૨૬ થી કાગળો તૈયાર કરી 'ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ-૨૦૨૦' તળે પગલાં લેવા અભિપ્રાય સાથે દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ તા. ૧૧/૦૨/૨૦૨૬ થી પ્રાંત અધિકારી (રાજકોટ ગ્રામ્ય)ને વિગતવાર અહેવાલ મોકલવામાં આવતા, તેમની કચેરીના પત્ર તા. ૨૧/૦૨/૨૦૨૬ થી સુઓમોટો લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ કાર્યવાહી કરવા તા. ૧૮/૦૭/૨૦૨૬ ના રોજ રાજકોટ જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં રજૂઆત કરાઈ હતી. આ મહેસુલી સમિતિની બેઠકમાં આધાર-પુરાવાઓ ચકાસ્યા બાદ ભરત ડાવેરા વિરૂદ્ધ ગુનો નોંધાવવાનો આખરી નિર્ણય લેવામાં આવ્યો હતો.

કલેક્ટર સમિતિની મંજૂરી મળતાં જ પડધરીના મામલતદાર કે. જી. સખીયાએ પોતે ફરિયાદી બની પડધરી પોલીસ મથકે ખોડાપીપરના આરોપી ભરત સુરેશભાઈ ડાવેરા સામે ફરિયાદ નોંધાવી હતી. મામલતદારની ફરિયાદના આધારે પડધરી પોલીસે લેન્ડ ગ્રેબિંગ એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી આરોપી સામે કાયદેસરની તપાસ ચાલુ કરી છે.



# રા.લો સંઘની ચૂંટણી માટે કામચલાઉ મતદાર યાદી જાહેર

## વાંધા-દાવા રજૂ કરવા ૭ દિવસની મુદતઃ કુલ ૧૬ બેઠકો માટે યોજાશે ચૂંટણી

રાજકોટ, તા. ૫

રાજકોટ લોધીકા સહકારી સંઘની આગામી ચૂંટણીને લઈને કલેક્ટર તંત્ર દ્વારા મહત્વપૂર્ણ અને વેગવંતી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તંત્ર દ્વારા આજે સહકારી સંઘની ચૂંટણી માટેની કામચલાઉ મતદાર યાદી વિધિવત રીતે પ્રસિદ્ધ કરી દેવામાં આવી છે. આ યાદી જાહેર થવાની સાથે જ સહકારી ક્ષેત્રના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે અને ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થઈ ચૂક્યો છે.આ ચૂંટણીમાં કુલ ૧૬ બેઠકો માટે સભ્યોની પસંદગી કરવામાં આવનાર છે. જેમાં ખેતી વિષયક સેવા સહકારી મંડળીના સભ્યો માટેની ૧૫ બેઠકો અને વ્યક્તિગત સભાસદો વિભાગની ૧ બેઠકનો સમાવેશ થાય છે. મતદારો તેમજ સંબંધિત સભ્યો પોતાની ચકાસણી સરળતાથી કરી શકે તે માટે કલેક્ટર તંત્ર દ્વારા આ કામચલાઉ મતદાર યાદીને કલેક્ટર કચેરી, પ્રાંત-૨ કચેરી, રજિસ્ટ્રાર ઓફિસ, સહકારી ખરીદ વેચાણ સંઘ તેમજ મામલતદાર કચેરીના નોટિસ બોર્ડ પર જાહેર જનતા અને સભાસદોના અવલોકન માટે મૂકવામાં આવી છે.

તંત્ર દ્વારા સ્પષ્ટ તાકીદ કરવામાં આવી છે કે આ કામચલાઉ મતદાર યાદી સામે જો કોઈને પણ વાંધો કે દાવો હોય, તો તેમણે આગામી સાત દિવસની અંદર જ પોતાની રજૂઆત સંબંધિત કચેરીએ કરવાની રહેશે. સાત દિવસની આ નિયત મુદત પૂર્ણ થયા બાદ અને રજૂ થયેલા વાંધા-દાવાઓનો નિકાલ કર્યા પછી, કલેક્ટર તંત્ર દ્વારા ચૂંટણીનું વિધિવત જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવશે, જેના પછી ઉમેદવારી પત્રો ભરવાની અને મતદાનની આખરી તારીખો જાહેર થશે.

રેલનગરના ક્રિષ્નાપાર્કમાં મકાન વેચાણ મુદ્દે વિરોધ

# અશાંતધારો લાગુ કરવા કલેક્ટરને રજૂઆત

## સોસાયટીમાં વિધર્મીને મકાન વેચાતા રહીશોમાં રોષ; અધિક કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કરી ત્વરિત પગલાં ભરવા માગ કરી

રાજકોટ, તા. ૫

શહેરના રેલનગર મેઈન રોડ પર આવેલા પોપટપરા વિસ્તારની ક્રિષ્નાપાર્ક સોસાયટીના રહીશો આજે વિશાળ સંખ્યામાં કલેક્ટર કચેરી ખાતે દોડી ગયા હતા. સોસાયટીને ત્વરિત 'અશાંતધારા' હેઠળ આવરી લેવાની માંગણી સાથે સ્થાનિકોએ અધિક કલેક્ટર બારોટને આવેદનપત્ર પાઠવીને પોતાની રજૂઆત કરી હતી. ક્રિષ્ના પાર્ક સોસાયટીના અગ્રણી રહીશોના જણાવ્યા અનુસાર, આ સોસાયટીમાં નિમ્ન મધ્યમ વર્ગના અંદાજે ૧૦૦ જેટલા હિન્દુ પરિવારો વસવાટ કરે છે. આ ઉપરાંત, તેની સાથે જોડાયેલી હર્ષીલ પાર્ક, બીલીપત્ર અને લોર્ડ ક્રિષ્ના સોસાયટીમાં પણ આશરે ૨૫૦ જેટલા હિન્દુ પરિવારો રહે છે અને હાલ આ તમામ મિલકતો પર માત્ર હિન્દુ પરિવારોનો જ માલિકી હક છે. સ્થાનિકોએ ગંભીર આરોપ લગાવ્યો હતો કે



છેલ્લા કેટલાક સમયથી અમુક ગેર-હિન્દુ વ્યક્તિઓ દ્વારા સોસાયટીમાં સ્થાવર મિલકતો ખરીદવા માટે સ્થાનિક રહીશોને મોટા પ્રમાણમાં નાણાંની લાલચ આપવામાં આવી રહી છે.

તાજેતરમાં સોસાયટીનું એક મકાન વિધર્મી વ્યક્તિને વેચી દેવામાં આવતા સ્થાનિકોએ તેનો સખત વિરોધ નોંધાવ્યો હતો. રહીશોના વિરોધના પગલે લેનાર અને વેચનાર બંને પક્ષે હાલ પૂરતો આ મામલો શાંત પડ્યો છે, પરંતુ સ્થાનિકોને શંકા છે કે આ સમગ્ર પ્રવૃત્તિ પાછળ કોઈ સક્ષમ વ્યક્તિ કે સંગઠન સક્રિય હોઈ શકે છે. આવેદનપત્રમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે હાલમાં કોઈ ગેરકાનૂની દબાણ નથી થઈ રહ્યું, પરંતુ આસપાસના વિસ્તારોમાં ગેર-હિન્દુઓ વ્યવસાયિક સંપત્તિઓ ધરાવે છે અને છેલ્લા એક વર્ષમાં તેમના વ્યવસાયમાં નોંધપાત્ર વધારો થયો છે, જે ભવિષ્યમાં વસ્તી વિષયક ફેરફારો અને ભયનું મુખ્ય કારણ બની શકે તેમ છે.

કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને ભવિષ્યમાં કોઈ અઘટિત બનાવ ન બને તે માટે રહીશોએ માંગ કરી છે કે કલેક્ટરતંત્ર રૂબરૂ અથવા અધિકારીઓ મારફતે સોસાયટીનું જાત-નિરીક્ષણ (સ્થળ તપાસ) કરે. નિરીક્ષણના અહેવાલના આધારે ક્રિષ્નાપાર્ક અને આસપાસની સોસાયટીઓને સત્વરે 'અશાંતધારા' હેઠળ આવરી લેવામાં આવે. કોઈ અનિચ્છનીય ઘટના બને તે પહેલા કાયદેસરની યોગ્ય કાર્યવાહી કરવામાં આવે.

# કલેક્ટરના અધ્યક્ષસ્થાને ૪૨ પ્રશ્નોનો સકારાત્મક નિકાલ


## વિવિધ સમસ્યાઓ અને રજૂઆતોનું સકારાત્મક નિવારણ

રાજકોટ, તા. ૫

રાજકોટ ખાતે યોજાયેલા જુલાઈ માસના જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં નાગરિકોના વિવિધ પડતર પ્રશ્નો અને સમસ્યાઓનું સુખદ નિરાકરણ લાવવામાં આવ્યું છે. કલેક્ટર ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં કુલ ૪૨ જેટલા પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. આ સ્વાગત કાર્યક્રમ દરમિયાન રાજકોટ શહેર તેમજ જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી નાગરિકો દ્વારા અનેકવિધ ગંભીર અને મહત્વના પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં મુખ્યાત્વે અનધિકૃત કોમર્શીયલ બાંધકામ, લેન્ડગ્રેબિંગ, વરસાદી પાણીના કારણે ખેતરોમાં થતું ધોવાણ, રહેણાંક વિસ્તારમાં શાળાના બિલ્ડીંગનું નિર્માણ, સરકારી જમીનો પર થયેલા દબાણો તેમજ જમીન રીસર્વેને લગતી બાબતોનો સમાવેશ થતો હતો. કલેક્ટર ડો. ઓમ પ્રકાશે અરજદાર (વાદી) અને સામા પક્ષ (પ્રતિવાદી) બંનેની રજૂઆતોને શાંતિપૂર્વક સાંભળી હતી. ત્યારબાદ સંબંધિત તાલુકાના મામલતદાર, પોલીસ વિભાગ તથા અન્ય સંલગ્ન ખાતાના અધિકારીઓને સ્થળ તપાસ કરી ત્વરિત પગલાં ભરવા માટે જરૂરી દિશા-નિર્દેશો આપ્યા હતા.આ બેઠકમાં વહીવટી તંત્રના તમામ પ્રમુખ વિભાગોના અધિકારીઓએ હાજરી આપી હતી. જેમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, નાયબ પોલીસ કમિશનર (ઝોન-૨) રાકેશ દેસાઈ, નિવાસી અધિક કલેક્ટર એચ. જે. બારોટ, જમીન દફતર કચેરીના અધિકારીઓ, સહકારી મંડળીના જિલ્લા રજિસ્ટ્રાર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, ગોંડલના રેન્જ ફોરેસ્ટ ઓફિસર, રાજકોટ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખાના અધિકારીઓ તેમજ રાજકોટ જિલ્લાના તમામ મામલતદારો, ચીફ ઓફિસરો અને તાલુકા વિકાસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# યાંત્રિક રાઈડ્સના ૩૪ પ્લોટની હરાજી

## અપસેટ પ્રાઈઝ કરતાં વધુ ભાવ બોલાતા તંત્રને મબલખ આવક : ખાણી-પીણીના સ્ટોલમાંથી થઈ હતી ૪૮ લાખની રેકોર્ડબ્રેક આવક



રાજકોટ, તા. ૫

રાજકોટના સુપ્રસિદ્ધ અને લોકપ્રિય સાતમ-આઠમના મેળાઓ માટે કલેક્ટર તંત્ર અને લોકમેળા સમિતિ દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. તેના ભાગરૂપે આજે દક્ષિણ મામલતદાર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશના સીધા માર્ગદર્શન હેઠળ યાંત્રિક રાઈડ્સના ૩૪ પ્લોટ માટે જાહેર હરાજીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ હરાજી પ્રક્રિયા દરમિયાન રાઈડ્સ સંચાલકો અને ધંધાર્થીઓએ ભારે ઉત્સાહ દાખવીને તમામ ૩૪ પ્લોટ ખરીદી લીધા હતા. દક્ષિણ મામલતદાર કચેરી ખાતે યોજાયેલી આ હરાજીમાં મેળો માણવા આવતા મુલાકાતીઓ માટે મુખ્ય આકર્ષણ બનતી યાંત્રિક રાઈડ્સના પ્લોટ મેળવવા માટે વેપારીઓ વચ્ચે ભારે સ્પર્ધા જોવા મળી હતી. તંત્ર દ્વારા નક્કી કરવામાં આવેલી મૂળ અપસેટ પ્રાઈઝ કરતાં સરેરાશ રૂ. ૨૫,૦૦૦ થી ૩૦,૦૦૦ વધુ રકમ બોલાઈ હતી. તમામ પ્લોટ્સ ઊંચી કિંમતે વેચાતાં કલેક્ટર તંત્ર અને લોકમેળા સમિતિને મોટો આર્થિક ફાયદો થયો છે.

આજના આક્શનમાં યાંત્રિક રાઈડ્સના પ્લોટ્સને ઈ, એફ, જી અને એચ જેવી જુદી જુદી ચાર કેટેગરીમાં વિભાજિત કરવામાં આવ્યા હતા. આ તમામ કેટેગરીમાં કલેક્ટર તંત્ર દ્વારા નિર્ધારિત કરાયેલી અપસેટ પ્રાઈઝ કરતાં વધુ રકમ તંત્રને પ્રાપ્ત થઈ છે. કુલ ૫ પ્લોટ માટે પ્રતિ પ્લોટ રૂ. ૩.૩૫ લાખ અપસેટ પ્રાઈઝ રાખવામાં આવી હતી. કુલ ૩ પ્લોટ માટે પ્રતિ પ્લોટ રૂ. ૨.૨૫ લાખ અપસેટ પ્રાઈઝ મુકાઈ હતી. સૌથી વધુ ૨૦ પ્લોટ માટે પ્રતિ પ્લોટ રૂ. ૪.૩૦ લાખ અપસેટ પ્રાઈઝ નિર્ધારિત કરાઈ હતી. કુલ ૬ પ્લોટ માટે પ્રતિ પ્લોટ રૂ. ૪.૧૦ લાખ અપસેટ પ્રાઈઝ નક્કી કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાઈડ્સના પ્લોટ્સ પહેલાં ગઈકાલે ખાણી-પીણીના સ્ટોલ્સની હરાજી યોજવામાં આવી હતી. જેમાં ૨૯ સ્ટોલ્સની બોલી બોલાતાં તંત્રને રૂ. ૪૮ લાખની રેકોર્ડબ્રેક આવક થવા પામી હતી. આ ઉપરાંત એક્સ્પો સેક્શનના બે ખાસ સ્ટોલ પણ ખાણી-પીણીના ધંધાર્થીઓને રૂ. ૫.૪૦ લાખની કિંમતે ફાળવવામાં આવ્યા હતા. ખાણી-પીણીના સ્ટોલ બાદ આજે યાંત્રિક રાઈડ્સના તમામ પ્લોટ્સ પણ સફળતાપૂર્વક અને ઊંચા ભાવે વેચાતાં ચાલુ વર્ષે કલેક્ટર તંત્રને લોકમેળામાંથી માતબર આવક પ્રાપ્ત થઈ છે, જેનાથી મેળાના આયોજન અને સુરક્ષા વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવામાં મદદ મળશે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# કાયદો ફિંડલું

## પોલીસના ઘેર જ ગુન્હાખોરીના અડ્ડા, શરમજનક અને ચિંતાજનક સ્થિતિ




પ્રજાની સુરક્ષા, શાંતિ અને કાયદાનું પાલન કરાવવાની પ્રાથમિક જવાબદારી પોલીસ તંત્રના શિરે રહેલી છે. સમાજમાં ગુન્હાખોરો ભયથી ધ્રૂજે અને સામાન્ય નાગરિક ભયમુક્ત બનીને જીવી શકે તે માટે પોલીસ દળને અપરંપાર સત્તા અને વિશેષાધિકારો આપવામાં આવ્યા છે.

અત્યાર સુધી સામાન્ય જનતામાં એવી આશંકા કે વ્યાપક ચર્ચા રહેતી હતી કે પોલીસ ગુન્હાખોરો સામે આંખ આડા કાન કરે છે અથવા તો હપ્તાખોરીના કારણે તેમને મદદરૂપ થાય છે. પરંતુ તાજેતરમાં સામે આવેલી ઘટનાઓએ તો આ સ્થિતિને અત્યંત ભયાનક, શરમજનક અને ચિંતાજનક તબક્કે પહોંચાડી દીધી છે. હવે રક્ષક જ ભક્ષક બન્યા હોય તેવા કિસ્સાઓ ખુલ્લેઆમ જાહેરમાં આવી રહ્યા છે, જે સમગ્ર સમાજ અને કાયદાના શાસન માટે અત્યંત ઘાતક સાબિત થઈ રહ્યા છે.

તાજેતરમાં બનેલી બે-ત્રણ ઘટનાઓએ પોલીસ તંત્રની છબીને ભારે નુક્સાની પહોંચાડી છે અને પ્રજાનો પોલીસ પરથી વિશ્વાસ સંપૂર્ણપણે ઉઠાડી દીધો છે. ગોંડલમાં પોલીસના ઘરે જ ગુન્હાખોરીનો અડ્ડો ઝડપાયાના અહેવાલો હજુ શમ્યા નહોતા, ત્યાં જ સુરેન્દ્રનગરમાં એક પોલીસમેનના ઘરેથી ગેરકાયદે શેર માર્કેટનું સૌથી મોટું નેટવર્ક પકડાયું છે.

જે સ્થાન પરથી કાયદાનું રક્ષણ થવું જોઈએ, તે જ પોલીસ પરિવારના રહેણાંક ઘરેથી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને ગુન્હાખોરીના અડ્ડા ચાલતા હોય તે વાત જ રોષ ઉપજાવનારી છે. આ ઘટનાઓ દર્શાવે છે કે ગુન્હાખોરી હવે બહાર નહીં પણ ખાખી વર્દીની પાછળ ઘર કરી ગઈ છે.

આ ઘટનાઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે પોલીસ તંત્ર પર હવે ઉચ્ચ અધિકારીઓની કોઈ જ પક્કડ કે ધાક રહી નથી. નીચલા સ્તરના કર્મચારીઓ કોઈ પણ ભય વગર બેફામ બનીને અસામાજિક કામો કરી રહ્યા છે. કોઈ એક સામાન્ય પોલીસ કર્મચારી પોતાના ઘરે ગુન્હાખોરીની આવી વિરાટ દુનિયા ચલાવે અને સમગ્ર તંત્ર, સ્થાનિક ગુપ્તચર વિભાગ કે ઉચ્ચ અધિકારીઓ અંધારામાં રહે તે વાત કોઈ કાળે ગળે ઉતરે તેવી નથી. જો ઉપરથી નીચે સુધી સિસ્ટમમાં મોટો સડો અને મિલીભગત ન હોય તો આ પ્રકારના કાળા કારનામા આટલા વિરાટ પાયે શક્ય જ ન બને.

રાજ્યમાં પોલીસ તંત્રની આબરૂ, છાપ અને ધાક દિન-પ્રતિદિન ધૂળધાણી થઈ રહી છે. સામાન્ય માણસ ફરિયાદ કરવા જતાં અચકાય છે. આશ્ચર્યની વાત એ છે કે આટલી ગંભીર સ્થિતિ હોવા છતાં સરકારને બધું 'સબ સલામત' લાગે છે. માત્ર નાના કર્મચારીઓને સસ્પેન્ડ કરીને કાગળ પરની કાર્યવાહી કરવાથી આ સડો દૂર થવાનો નથી. ગૃહ વિભાગે આ સ્થિતિનું ગંભીરતાથી આકલન કરીને સમગ્ર તંત્રનું શુદ્ધીકરણ કરવું પડશે, અન્યથા જનતાનો કાયદા પરથી વિશ્વાસ કાયમ માટે ઊઠી જશે.

# જવાબદારી અને વળતર

## સુપ્રીમ કોર્ટે ડિજિટલ એરેસ્ટ કૌભાંડોને રોકવા માટે નિર્દેશો જારી કર્યા



નવીદિલ્હી, તા.૫

સુપ્રીમ કોર્ટે ડિજિટલ ધરપકડ અને સાયબર છેતરપિંડીના કેસોમાં ઝડપથી વધારો થવા પર કડક વલણ અપનાવ્યું છે. આના ઉકેલ માટે, કોર્ટે દેશવ્યાપી નિર્દેશો જારી કર્યા છે. કોર્ટે ભારતીય રિઝર્વ બેંક (છઇઈ) ને ચાર અઠવાડિયામાં ખચ્ચર ખાતાઓ પર સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (જીર્ઙ) વિકસાવવાનો નિર્દેશ આપ્યો છે. તેણે રાષ્ટ્રવ્યાપી સાયબર છેતરપિંડી નિવારણ મિકેનિઝમના ઝડપી અમલીકરણનો પણ નિર્દેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે રાજ્યોને સાયબર છેતરપિંડીની ફરિયાદો દાખલ કરવા અને ભરપાઈ કરવા માટે એક સિસ્ટમ લાગુ કરવા, ઇ-ઝીરો ત્રૈંઇ સિસ્ટમ અપનાવવા અને જાહેર જાગૃતિ લાવવાનો પણ નિર્દેશ આપ્યો છે. કોર્ટે કેન્દ્ર સરકારને ''વહેંચાયેલ જવાબદારી'' અને પીડિત વળતર માટે એક માળખું વિચારવા પણ કહ્યું.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનાની બનેલી બેન્ચે કેન્દ્ર સરકાર, રાજ્યો અને ભારતીય રિઝર્વ બેંક (છઇઈ) ને આ સંદર્ભમાં નક્કર પગલાં લેવા નિર્દેશ આપ્યો. બેન્ચે તમામ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને પોલીસને ગૃહ મંત્રાલયના ૨ જાન્યુઆરીના જીર્ઙ હેઠળ રજૂ કરાયેલ ફરિયાદ નિવારણ અને રિફંડ મિકેનિઝમ્સને અસરકારક રીતે લાગુ કરવાનો નિર્દેશ આપ્યો, જેથી અસરગ્રસ્ત વ્યક્તિઓ તેમના કાનૂની અધિકારોનો ઉપયોગ કરતી વખતે પહેલા આ વિકલ્પોનો લાભ લઈ શકે. ઈઉંઈ સૂર્ય કાંતે નોંધ્યું કે સુપ્રીમ કોર્ટે તેના અગાઉના આદેશોમાં દેશમાં ડિજિટલ ધરપકડ કૌભાંડ અંગે સંબંધિત મંત્રાલયો તરફથી સંકલિત પ્રતિભાવ સુનિશ્ચિત કરવા માટે વચગાળાના નિર્દેશો જારી કર્યા હતા. કોર્ટે નોંધ્યું કે તે નિર્દેશોમાં ઈઇઈ દ્વારા તપાસ, ખચ્ચર ખાતા, સિમ કાર્ડ અને સિમ બોક્સનો દુરુપયોગ, મધ્યસ્થીઓ સાથે સહયોગ, ફરિયાદ નિવારણ અને છેતરપિંડી દ્વારા ગુમાવેલા ભંડોળનું રિફંડ અને સંસ્થાકીય સંકલન જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે.

ગૃહ મંત્રાલય હેઠળ ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (ઈ૪ઈ) દ્વારા દાખલ કરાયેલ ચોથો સ્ટેટસ રિપોર્ટ આ કોર્ટને ૧૧ મે, ૨૦૨૬ અને ૧૪ જુલાઈ, ૨૦૨૬ ના રોજ આંતર-વિભાગીય સમિતિની ચોથી અને પાંચમી બેઠકોમાં થયેલી ચર્ચાઓ અને સંબંધિત મંત્રાલયો, નિયમનકારો, તપાસ એજન્સીઓ, ટેલિકોમ સેવા પ્રદાતાઓ અને મધ્યસ્થીઓ દ્વારા લેવામાં આવેલી કાર્યવાહી વિશે માહિતી પૂરી પાડે છે. રિપોર્ટમાં મુખ્યત્વે જણાવાયું છે કે નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ પર ડિજિટલ ધરપકડ કૌભાંડો સંબંધિત ફરિયાદોની સંખ્યા ૨૦૨૪ માં ૧૨૩,૬૭૨ થી ઘટીને ૨૦૨૫ માં ૫૮,૨૪૯ થઈ ગઈ છે, અને ૩૦ જૂન, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા સમયગાળા માટે તે ઘટીને ૧૬,૩૭૭ થઈ ગઈ છે. છેતરપિંડીને કારણે ખોવાયેલી રકમમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે.ઇન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (ઈ૪ઈ) દ્વારા દાખલ કરાયેલ સ્ટેટસ રિપોર્ટની નોંધ લેતા, કોર્ટે નોંધ્યું કે ૫૭ બેંકો અને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ભાગીદારીથી, ૩૬,૨૯૦ કેસોમાં છેતરપિંડીથી થયેલા નાણાં વસૂલ કરવામાં આવ્યા છે, જે કુલ ₹૧૮.૦૫ કરોડ છે. ઈઇઈ એ ડિજિટલ ધરપકડ અને સંબંધિત બાબતોને લગતા ઘણા કેસ પણ નોંધ્યા છે.

# ઝુકરબર્ગ પીએમ મોદીનો વીડિયો હટાવવા બદલ માફી માંગે

## સંસદીય સમિતિએ ત્રણ દિવસનું આપ્યું અલ્ટીમેટમ



નવીદિલ્હી, તા. ૫

ફેસબુક પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વીડિયોને હટાવવાને લઈને ચાલી રહેલા વિવાદ અંગે ટેલિકોમ્યુનિકેશન અને આઇટી સંસદીય સમિતિએ કડક વલણ અપનાવ્યું છે. ભાજપના સાંસદ નિશિકાંત દુબેની અધ્યક્ષતાવાળી સમિતિએ ફેસબુકના સ્થાપક માર્ક ઝુકરબર્ગને ત્રણ દિવસનું અલ્ટીમેટમ આપ્યું છે. સમિતિએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે ૧.૪ અબજ ભારતીયોનું પ્રતિનિધિતૂ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો વીડિયો ડિલીટ કરવો એ લોકશાહી પર સીધો હુમલો છે. સમિતિએ માંગ કરી છે કે ઝુકરબર્ગ તાત્કાલિક માફી માંગે અને જવાબદારો સામે પગલાં લે.

સમિતિએ એમ પણ કહ્યું કે જો આમ કરવામાં ન આવે તો, ભારત સરકાર ફેસબુકના સેફ હાર્બર ક્લોઝને રદ કરી શકે છે, જે પ્લેટફોર્મ અધિકારીઓ પર સીધા ફોજદારી કાર્યવાહીની મંજૂરી આપશે. વધુમાં, સમિતિએ ચેતવણી આપી છે કે ગૂગલ, યુટ્યુબ, એક્સ, ફેસબુક, વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ અને સ્નેપચેટ જેવા તમામ પ્લેટફોર્મ્સે ત્રણ દિવસની અંદર બાળ જાતીય શોષણ અને મહિલાઓ સંબંધિત વાંધાજનક સામગ્રી દૂર કરવી પડશે, નહીં તો કડક કાર્યવાહીનો સામનો કરવો પડશે. દરમિયાન, તેલંગાણા પોલીસે ગૂગલ અને મેટા સામે એફઆઈઆર દાખલ કરી છે. ગૂગલ પર નાણાકીય છેતરપિંડીવાળી એપ્સને આશ્રય આપવાનો અને મેટા પર પીએમ મોદીનો નકલી વીડિયો શેર કરવાનો આરોપ છે. ''સેફ હાર્બર કલમ'' દૂર કરવાથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મના અધિકારીઓ સામે સીધી એફઆઈઆર દાખલ કરવાનો માર્ગ મોકળો થશે.અગાઉ, સોમવારે (૩ ઓગસ્ટ, ૨૦૨૬) ના રોજ, ફેસબુક પરથી વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વીડિયોને દૂર કરવાના વિવાદ અંગે સંસદીય સમિતિએ સોશિયલ મીડિયા કંપની મેટાના અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી. સમિતિના અધ્યક્ષ નિશિકાંત દુબેએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે ઝુકરબર્ગે પીએમનો વીડિયો દૂર કરવા બદલ માફી માંગવી જોઈએ. બેઠક દરમિયાન, મેટાએ પીએમ મોદીનો વીડિયો દૂર કરવા બદલ માફી માંગી હતી અને એમ પણ કહ્યું હતું કે ટેકનિકલ મુશ્કેલીઓને કારણે આ વીડિયો આકસ્મિક રીતે કાઢી નાખવામાં આવ્યો હતો. જો કે, સંસદીય સમિતિના ઘણા સભ્યોએ ભાર મૂક્યો હતો કે આ મામલો ફક્ત માફીથી આગળ વધે છે, અને જવાબદારી નક્કી કરવી જોઈએ.નિશિકાંત દુબેએ જણાવ્યું હતું કે, ''પ્રશ્ન એ છે કે મેટા ઇન્ડિયાએ વડા પ્રધાનની સામગ્રી કેમ દૂર કરી. જો કે, આ પહેલી વાર નથી જ્યારે મેટા ઇન્ડિયાએ આવું કર્યું હોય.'' જો તમને યાદ હોય, તો મેટાના માલિક માર્ક ઝુકરબર્ગે પોતે જાન્યુઆરીમાં ૨૦૨૪ ની ચૂંટણીઓ વિશે નિવેદન આપ્યું હતું અને પછીથી માફી માંગી હતી. આ દેશને અસ્થિર કરવાનો તેમનો ઇરાદો દર્શાવે છે. જ્યારે ભારતીય વડા પ્રધાનનો વીડિયો દૂર કરી શકાય છે, અને તેમણે પોતે સ્વીકાર્યું છે કે તે સામગ્રી પાંચ કલાક માટે - રાત્રે ૧૨:૩૦ થી સવારે ૫:૦૦ વાગ્યા સુધી - ગુમ હતી - ત્યારે આ ખૂબ જ ગંભીર બાબત છે. અમારી સમિતિએ બે સ્પષ્ટ મુદ્દાઓ રજૂ કર્યા છે: માર્ક ઝુકરબર્ગે માફી માંગવી જોઈએ. જો ઝુકરબર્ગ આમ કરવામાં નિષ્ફળ જાય, તો કલમ ૭૯ હેઠળ તેમને આપવામાં આવેલ સલામત બંદર સુરક્ષા પાછી ખેંચી લેવી જોઈએ.

# ઝારખંડમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનમાં જોડાશે CJP

નવીદિલ્હી, તા. ૫

છત્રપતિ સંભાજીનગરમાં કોકરોચ જનતા પાર્ટી (ઈઉંઙ) ની બે દિવસીય કોર કમિટીની બેઠક ચાલી રહી છે. બેઠકના પહેલા દિવસે, સંગઠનના વડા અભિજીત દિપકે અને પ્રવક્તા સૌરભ દાસે સંગઠનની ભાવિ રણનીતિ, ઝારખંડ વિદ્યાર્થી આંદોલન અને દેશભરમાં તેના વિસ્તરણ વિશે મીડિયા સાથે વાત કરી. અભિજીત દિપકેએ જણાવ્યું હતું કે ઈઉંઙ ઝારખંડ વિદ્યાર્થી આંદોલનને સંપૂર્ણ સમર્થન આપે છે અને પ્રદર્શનકારીઓ સાથે ઉભા રહેવા માટે એક પ્રતિનિધિમંડળ ઝારખંડ જશે. તેમણે ઉમેર્યું હતું કે બેઠકમાં દેશવ્યાપી સંગઠનને મજબૂત બનાવવા અને ભવિષ્યના રોડમેપ પર ચર્ચા થઈ રહી છે. રાજકારણમાં પ્રવેશવાના પ્રશ્ન અંગે, દિપકેએ જણાવ્યું હતું કે ઈઉંઙ ને રાજકારણમાં પ્રવેશવાની કોઈ ઇચ્છા નથી. તેમણે જણાવ્યું હતું કે દેશમાં રાજકીય પક્ષોની સ્થિતિ ચિંતાજનક છે, ધારાસભ્યો અને સાંસદો સતત પક્ષ બદલતા રહે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઊઉ અને ઈઇઈ જેવી એજન્સીઓ દ્વારા રાજકીય પક્ષોને તોડવાના પ્રયાસો થઈ રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે લોકશાહીને મજબૂત બનાવવા માટે, દરેક વ્યક્તિએ રાજકીય મતભેદોથી ઉપર ઉઠીને એક થવું જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે મીડિયા, ન્યાયતંત્ર, બેરોજગારી અને ઊ૨૦ નીતિ જેવા મુદ્દાઓ પર પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવશે.

દિપકકે જણાવ્યું હતું કે સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુક નાદુરસ્ત તબિયતને કારણે બેઠકમાં હાજર રહી શક્યા ન હતા. તેમણે જણાવ્યું હતું કે સંગઠનનો અંતિમ નિર્ણય અને ભવિષ્યની રણનીતિ બેઠકના બીજા દિવસે બપોરે ૨ વાગ્યે મીડિયાને જણાવવામાં આવશે.

સીજેપીના પ્રવક્તા સૌરભ દાસે જણાવ્યું હતું કે વિરોધ પ્રદર્શન દરમિયાન વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ અને પેલેટ ગનનો ઉપયોગ કરનારા પોલીસ કર્મચારીઓ માટે જવાબદારી નક્કી કરવી જોઈએ. તેમણે જણાવ્યું હતું કે વિરોધ પ્રદર્શનમાં ઘાયલ થયેલા વિદ્યાર્થીઓને પહેલા દિવસથી જ કાનૂની અને તબીબી સહાય પૂરી પાડવામાં આવી છે. સીજેપી માત્ર દિલ્હી જ નહીં, પરંતુ જ્યાં વિરોધ પ્રદર્શન થયા હતા તે તમામ રાજ્યોમાં પણ વિરોધીઓને મદદ કરી રહ્યા છે. દાસે દાવો કર્યો હતો કે સરકારી પ્રતિનિધિઓ સાથે સતત વાતચીતને કારણે ઘણા રાજ્યોમાં વિરોધીઓ સામે દાખલ કરાયેલી એફઆઈઆર પાછી ખેંચી લેવામાં આવી છે, જ્યારે અન્ય કેસોમાં પણ કાર્યવાહી કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. વિરોધ પ્રદર્શનમાં સામેલ મહિલા વિદ્યાર્થીઓ તરફથી માફીની માંગ અને તેમના વિરુદ્ધ કથિત ઓનલાઈન ઝુંબેશ અંગે, દાસે જણાવ્યું હતું કે મહિલા વિદ્યાર્થીઓ સામે બળાત્કાર અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું, જે સંપૂર્ણપણે ખોટું અને ગેરકાયદેસર છે.

તેમણે આરોપ લગાવ્યો હતો કે ભાજપ અને આરએસએસના સમર્થકો આ અભિયાનમાં સામેલ હતા અને તેમની સામે કાનૂની કાર્યવાહી થવી જોઈએ. સૌરભ દાસે કહ્યું કે સોનમ વાંગચુક સીજેપીના માર્ગદર્શક છે અને સંગઠન તેમની સલાહ લેવાનું ચાલુ રાખશે.




સીજેપીના સ્થાપક અભિજીત દિપકે દેશભરમાં સંગઠનનો વિસ્તાર કરશે

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

### ભૂતળ ભક્તિ પદારથ મોટો! એ રચનામાં નરસિંહ ભક્તિને પદારથ કેમ કહે છે??



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ગુરુ પૂર્ણિમા જતાં હવે તો શ્રાવણ આવશે, એવી વાતો સૌ કરવાં લાગે. દરેક વાર, તિથિ, અને મહિનો અંતે તો ઈશ્વર અનુસંધાન માટે જ છે ! પરંતુ શ્રાવણ મહિનો દરેકનો પ્રિય છે, કારણ કે શ્રાવણમાં ભગવાન ભોળેનાથ શંકરની ભક્તિનો ખૂબ મહિમા છે! આપણે ચાતુર્માસનાં ચિંતનમાં જોયું હતું, કે આ સમય દરમિયાન ભગવાન વિષ્ણુ આરામ કરે છે, અને એટલે પંચ દેવનાં બાકીનાં ચાર તત્વોએ સૃષ્ટિનું સંચાલન કરવું, અને શ્રાવણમાં શંકરને સંચાલન સોંપાયું છે! માનવી ભગવાનનો ભોળો સ્વભાવ જાણે છે, અને એટલે જ વ્રત, ઉપવાસ અને ભજન, કીર્તન કરી, ભગવાનને રિઝવવા પ્રયત્ન કરે છે. આમ તો ઈશ્વરનું કોઈપણ સ્વરૂપ હોય, એનાં રુપ સ્વરૂપ સાથે સંસારીની માનસિકતા સાથે, ભાવનું આદાન પ્રદાન કરવું, એને ભક્તિ કહેવામાં આવે છે. ભક્તિ એ માત્રને માત્ર ભાવનાનો પ્રદેશ છે! પણ ઘણીવાર એવું થતું હોય છે, કે જે સંન્યાસી નથી પામી શકતાં એ ફળ ભક્તિથી પ્રાપ્ય બને છે, અને એ પણ રસ, રાગ, છોડ્યા વગર! નરસિંહ મહેતા આગળ પણ ભક્તની ઉપલબ્ધિ લાગે છે, અને એનું ભગવાન સાથે કેટલું તાદાત્મ્ય હતું, એ આપણે સૌ જાણીએ છીએ! તો ભક્તિનો અપરંપાર મહિમા ગાતા નરસિંહનાં ભૂતળ ભક્તિ પદારથ મોટો, એ પ્રસિદ્ધ પદનું શ્રાવણ પહેલાં ચિંતન કરી, શ્રાવણમાં ભાવભરી ભક્તિ કરીને શંકરને રિઝવીશું.

**નરસિંહ મહેતા**

ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહીં રે;
પુણ્ય કરી અમરાપુરી પામ્યાં, અંતે ચોરાસી માહી રે.(૧)

નરસિંહ અહીં ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ, એ ચાર પુરુષાર્થ કે પદાર્થની અવગણના નથી કરતાં, પણ કહે છે કે ભક્તિએ ભૂતળનો આભૂષણ જેવો એકદમ કિંમતી પદાર્થ છે, એ બીજે ક્યાંય નથી! જો પુણ્ય કરીને સ્વર્ગ પ્રાપ્ત થયું, તો પુણ્ય સમાપ્ત થતાં વળી પાછાં લાખ ચોરાશીનાં ફેરા ફરવાં પડે છે!

હરિનાં જન તો મુક્તિ ન માંગે, માંગે જન્મોજનમ અવતાર રે;
નિત્ય સેવા નિત્ય કીર્તન ઓચ્છવ, નિરખવા નંદ કુમાર રે. (૨)

અને એટલે જ ભક્તો મુક્તિ નથી માંગતા, અને જન્મો જનમ મનુષ્ય જન્મ જ માંગે છે, કારણ કે એને ભગવાનની સેવા પૂજાને કિર્તનોમાં ખૂબ આનંદ આવે છે! અને સાથોસાથ નંદ કુમારનું મરક મરક હસતું મોઢું નિરખવા મળે છે, એ જીવનને ધન્ય બનાવી દે છે.

ભરત ખંડ ભુતળમાં જન્મી, જેણે ગોવિંદનાં ગુણ ગાયા રે;
ધન્ય ધન્ય એનાં માતપિતાને સફળ કરી એણે કાયા રે. (૩)

કવિ અહીં ભક્તિને ભૂતળમાં પણ ભરત ખંડ એટલે કે ભારતની અનામત કહે છે! એટલે અહીં જન્મ લેનાર ગોવિંદનાં ગુણ કદાચ અન્ય દેશ કરતાં સહજ હશે એવું!' અને આ બધું એટલે શક્ય બન્યું, કારણ કે એનાં માતાપિતાએ એનામાં ભક્તિનાં સંસ્કાર રેડ્યાં છે! અને એથી એણે પોતાનો દેહ સફળ કર્યો.

ધન્ય વૃંદાવન ધન્ય એ લીલા, ધન્ય એ વ્રજની નાર રે;
અષ્ટ મહાસિદ્ધિ આંગણિયે રે ઉભી, મુક્તિ થઈ રહી દાસી રે. (૪)

ભારતમાં પણ વૃંદાવન ધન્ય છે! અને સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ જન્મની લીલા ધન્ય છે, અને એથી વધુ ધન્ય તો વ્રજની નારી એટલે કે ગોપીઓ ધન્ય છે, જેણે આ લીલાને નજરે જોઈ છે. ગોપીઓની ભક્તિ પ્રેમ લક્ષણા હતી, અને ઘર સંસારથી પણ વધુ એમણે ક્રિષ્નને પ્રેમ કર્યો. એમણે ધાર્યું હોત તો અષ્ટ મહાસિદ્ધિ એના આંગણે રમતી હોત, અને મુક્તિ એની દાસી થઈને આગળ પાછળ ફરત, પણ એમણે મુક્તિ નહીં ભક્તિને મહત્વ આપ્યું.

એ રસનો સ્વાદ શંકર જાણે, કે જાણે શુકદેવ જોગી રે;
કંઈક જાણે વ્રજની વનિતા,ભણે નરસૈંયો ભોગી રે. (૫)

નરસિંહ કહે છે કે ભક્તિનાં આ રસનો સ્વાદ શંકર અને શુકદેવજી જેવા મોટા ગજાનાં જોગીઓ જાણે છે! અને થોડાં ઘણાં પ્રમાણમાં ગોકુળ અને વ્રજની વનિતા એટલે કે ગોપીઓ પણ જાણે છે! અને નરસિંહ ભોગી હોવા છતાં આવી ભક્તિનો મહિમા ગાય છે.

મૃત્યુલોકનાં માનવી માટે ઈશ્વરે ભક્તિનો સંદર્ભ અનામત રાખ્યો છે, અને આ વિકલ્પ દેવતાઓને પણ નથી મળતો, એ સમજાવતાં નરસિંહે આ રચનામાં ભક્તિનો અપરંપાર મહિમા ગાયો છે! અને નરસિંહની રચના છે, એટલે એ કેવળ શબ્દો નથી, એટલું તો સૌકોઈ સ્વીકારશે! આમ તો સાવ સીધાસાદા શબ્દોમાં બહુ મોટી વાત કહી દેવી એ નરસિંહની એક ખાસિયત છે! આખી રચનામાં એકમાત્ર પદારથ શબ્દનો પ્રયોગ કરીને એણે બહુ મોટી વાત કહી દીધી છે, અથવા તો આ રચનાનો જો કોઈ મૂળ શબ્દ હોય તો એ પદારથ છે! બાકીનાં શબ્દોનાં વિશ્લેષણની પછી જરૂર જ નથી રહેતી! આપણે સૌ ભૌતિક વિજ્ઞાન ભણ્યા ત્યારે પદાર્થ એટલે કે વસ્તુ, જેમાં ઘન, પ્રવાહી, અને વાયુ વિશે ભણ્યાં હતાં કે જેનું કોઈ ઠોસ અસ્તિત્વ હોય એને પદાર્થ કહેવાય! જ્યારે અહીં તો ભક્તિ કે જ્યાં કેવળ અને કેવળ ભાવના જ મહત્વની છે! ત્યાં પદાર્થ? કયો સંદર્ભ લીધો? સદગુરુ કૃપા કહે છે કે પદારથ એટલે જેને આપણે સ્પર્શી શકીએ, જોઈ શકીએ, એ તો છે જ પણ, જેની આપણે પ્રતિતિ કરી શકીએ એવો કોઈ ઠોસ આધાર! એટલે કે ભક્તિ એવું માધ્યમ છે, કે જેનાં થકી ભક્ત ભગવાનની પૂર્ણ પ્રતિતી અર્થાત પ્રત્યક્ષ મળ્યાં જેવી લાગણી અનુભવી શકે! નરસિંહ મહેતા ભક્તિને ''પદાર્થ'' એટલા માટે કહે છે કે ભક્તિ માત્ર પરંપરાગત માન્યતા નથી, પરંતુ એવી જીવંત અનુભૂતિ છે, જેમાં ભગવાન ભક્ત માટે પ્રત્યક્ષ સત્તા બની સતત હાજરી પૂરાવી જાય છે. ભક્તિ દ્વારા ભગવાનની પ્રતીતિ થાય છે; તેથી ભક્તિ અનૂભૂતિનો પ્રદેશ અર્થાત પદાર્થ છે, માત્ર વિચારવાનો વિષય નથી. ટૂંકમાં અહીં પદાર્થ એટલે અનુભવસિદ્ધ સત્ય, એવું ભક્તિનાં સંદર્ભમાં નરસિંહ એ આલેખ્યું હોય શકે! હવે નરસિંહનાં જીવન પરથી પદાર્થનો ભૌતિક અર્થ જોઇએ તો ત્યાં કોઈ ધન નથી, કોઈ સંપત્તિ નથી, અને ઘણીવાર તો મુઠી જુવારનાં પણ વાંધા હતાં! અને છતાં નથી એની માટેનો કોઈ પ્રયત્ન, કે નથી એની માટેનો મોહ! નરસિંહ માટે સતત હરિ સંકિર્તન સૌથી ઉપર રહેતું હતું! અને બાકી બધું એટલે કે દુનિયાદારી જ્યાં ગૌણ હોય ત્યાં ખરેખર ઈશ્વર હાજરી પૂરાવવા આવે! એ પણ કુંવરબાઈનું મામેરું અને એનાં પિતાનાં શ્રાદ્ધનાં પ્રસંગો પરથી જોઈ શકાય છે! અને ખરેખર અષ્ટ મહાસિદ્ધિ એને આંગણિયે રમતી હતી! પણ એને મન એનો કોઈ મોલ નહોતો! નરસિંહને એટલે જ ભક્ત શિરોમણી કહેવામાં આવે છે! એણે જીવન પર્યંત ભક્તિને નિભાવીને ભગવાનું સાનિધ્ય પ્રાપ્ત કર્યું! તો આ શ્રાવણમાં આપણે સૌ પણ ભક્તિ નામનાં પદાર્થની ગરિમા સમજી, અને ભાવનાનાં પ્રદેશમાં બીજો કોઈ સ્વાર્થનો ભાવ પ્રવેશે નહીં, એનું ધ્યાન રાખીને શંકરને ભજી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારાં શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

ઠેકઠેકાણે ફુટી નીકળેલા સ્પા-મસાજ પાર્લરોમાં વારંવાર પોલીસ પાડે છે દરોડા

# સ્પામાં 'ગંદા ધંધા': લોહીના વેપલાનો પર્દાફાશ

## એ-ડિવીઝન પોલીસે કિસાનપરા ચોકના ગ્રીનએપલ સ્પામાં ત્રાટકી સંચાલક સહિત ત્રણને પકડ્યાઃ મુંબઇ, મીઝોરમ, રૂખડીયાપરાની લલનાઓને દેહસંબંધ દીઠ એક-એક હજાર ચુકવાતાંઃ ત્રણ હજાર સંચાલક મેનેજર રાખી લેતાં હતાં

રાજકોટઃ તા.૫

રંગીલા મોજીલા રાજકોટમાં અવાર-નવાર સ્પા-મસાજ પાર્લરની આડમાં ચાલી રહેલા ગંદા ધંધાનો પર્દાફાશ થતો રહે છે. પરમ દિવસે જ હજુ તો દોઢસો ફુટ રીંગ રોડ પર માલવીયાનગર પોલીસે મોક્ષ સ્પામાંથી આવા લોહીના વેપલાનો પર્દાફાશ કર્યો હતો. ત્યાં હવે કિસાનપા ચોકમાં આવેલા સ્પામાં ચાલતુ કૂટણખાનુ એ-ડિવીઝન પોલીસે પકડી લઇ સંચાલક સહિત ત્રણને પકડી લીધા હતાં. અહિ મુંબઇ, મીઝોરમ, રાજકોટ રૂખડીયાપરાની લલનાઓને રાખીને તેની પાસે દેહવેપલો કરાવાતો હતો. સંચાલક સહિતના ગ્રાહકો પાસેથી ચાર હજાર ખંખેરી લલનાને દેહસંબંધ દીઠ એક એક હજાર આપી બાકીના પોતે રાખી લેતાં હતાં.




વિગતો પર નજર કરીએ તો શહેરમાં સ્પાની આડમાં ચાલતાં વધુ એક કૂટણખાના પર પોલીસે દરોડો પાડ્યો છે. કિસાનપરા ચોકમાં બીકે કોમર્શિયલ કોમ્પલેક્ષમાં જયેશ સમોસાની ઉપરના માળે આવેલા ગ્રીનએપલ સ્પામાં એ-ડિવીઝન પોલીસે દરોડો પાડી ત્રણને પકડી લીધા હતાં. એ-ડિવીઝન પોલીસ મથકના હેડકોન્સ. કરણભાઇ વિરસોડીયાને બાતમી મળી હતી કે કિસાનપરા ચોક જયેશ સમોસાની દુકાન ઉપર પહેલા માળે આવેલા ગ્રીનએપલ સ્પામાં સંચાલક બહારથી સ્ત્રીઓ બોલાવી દેહવ્યાપાર કરાવે છે. આ બાતમીના આધારે પોલીસે ડમી ગ્રાહકને મોકલી દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી સંચાલક અમન મનોજભાઈ ઠાકુર (ઉં.વ. ૨૨, રહે. આરએમસી ક્વાર્ટર, બ્લોક નં. ૪૪, આકાશવાણી ચોક પાસે, યુનિવર્સિટી રોડ), મેનેજર દિપેશ જગતભાઈ વિશ્વકર્મા (ઉ.વ. ૨૩, રહે. વંદન એપાર્ટમેન્ટ, રૂમ નં. ૫, ગીતાંજલી કોલેજ પાસે, સાધુ વાસવાણી રોડ) અને ટેલિકોલર તરીકે કામ કરતા વિકાસ કુલદીપભાઈ વિશ્વકર્મા (ઉ.વ.૨૫, રહે. રોયલ પાર્ક પેરેડાઈઝ એપાર્ટમેન્ટ, કેકેવી હોલ પાસ)ને સ્પાની આડમાં કૂટણખાનુ ચલાવતાં પકડી લીધા હતાં.

આ ત્રણેય મુળ નેપાળના છે. તેની સામે ટ્રાફિક પ્રિવેન્શન એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. આ દરોડા દરમિયાન સ્પાના રૂમમાંથી ૪ મહિલાઓ મળી આવી હતી. જેમાં એક ૨૭ વર્ષિય યુવતિ મુળ મેઘાલયની, ૨૮ વર્ષિય મહિલા રાજકોટની, ૨૩ અને ૨૬ વર્ષિય યુવતિ મુળ મુંબઇની હતી. આ યુવતિઓએ કહ્યું હતું કે સંચાલક અમન, મેનેજર દિપેશ અને ટેલિકોલર વિકાસ તેઓની પાસે ગ્રાહકો મોકલે છે. આ ત્રણેય ગ્રાહકો પાસેથી ૩૦૦૦ લઇ એક એક હજાર તેમને આપતાં હતાં અને બાકીના સંચાલક સહિતના ત્રણેય રાખતા હતાં. ૧ હજાર એન્ટ્રી ફી તરીકે ગ્રાહકો પાસેથી વસુલતા હતાં.

એ-ડિવીઝન પોલીસે પોલીસે સ્થળ પરથી રોકડા રૂ. ૧૨,૦૧૦, રૂ. ૨૫ હજારઅને ૧૦ હજારની કિંમતના બે મોબાઇલ ફોન, કોન્ડમનો જથ્થો મળી કુલ રૂ. ૪૭,૦૧૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ઈન્સપેકટર જે. વી. વાઢીયા, પીએસઆઇ એસ.આર. ચાવડા, હેડ કોન્સ્ટેબલ કલ્પેશભાઈ બોરીચા, મહેશભાઈ ચાવડા, કરણભાઇ વિરસોડીયા, કોન્સ. સજનીબેન, પ્રિયંકાબા સહિતે આ દરોડો પાડ્યો હતો. શહેરમાં અવાર-નવાર આવા દરોડા પાડી સ્પામાં ચાલતાં લોહીના વેપલાનો પર્દાફાશ કરવામાં આવતો હોય છે. પરંતુ સમય જતાં ફરીથી આવી પ્રવૃતિ મીઠીનજર તળે કે પછી પોલીસને અંધારામાં રાખીને ચાલુ કરી દેવામાં આવતી હોય છે.

## સજોડે ઝેર પીવાની ઘટનામાં દિકરા બાદ માતાનું પણ મોત

રાજકોટઃ તા.૫

મા-દિકરાએ સજોડે ઝેર પી લીધાની ઘટનામાં દિકરા પછી હવે માતાનું પણ મોત થયું હતું. કોઠારીયા રોડ રામેશ્વર પાર્ક-૪માં રહેતા અઠાવન વર્ષના દમયંતિબેન મનસુખભાઇ રબારા-પટેલ (ઉ.વ.૫૮) અને તેમનો દિકરો ત્રેવીસ વર્ષનો બ્રિજેશ મનસુખભાઇ રબારા ત્રીસમીએ ઘરે ઝેરી દવા પી જતાં બંનેને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ ટુંકી સારવાર બાદ પુત્ર બ્રિજેશનું મૃત્યુ થયું હતું. સારવાર દરમિયાન આજે માતા દમયંતિબેને પણ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. આપઘાત કરનાર બ્રિજેશ બે ભાઇમાં નાનો અને અપરિણીત હતો. તે ઘર પાસે જ ફાસ્ટફૂડનો સ્ટોલ ચલાવતો હતો. તેનો મોટો ભાઇ પરિણીત છે અને તમામ પરિવારજનો સાથે જ રહેતાં હતાં.

મોટો ભાઇ પણ ફાસ્ટફૂડનો ધંધો કરે છે. ૩૦મીએ સાંજે બહાર સ્ટોલ પર બ્રીજેશના પિતા, મામા, મોટો ભાઇ સહિતના લોકો ચર્ચા કરતાં હતાં ત્યારે દમયંતિબેને પતિને ફોન કરી પોતે અને બ્રિજેશ દવા પી ગયા છે તેવુ કહેતાં બધા ઘરમાં દોડી ગયા હતાં અને મા-દિકરાને સારવાર માટે ખસેડ્યા હતાં. જો કે ટુંકી સારવાર બાદ બ્રિજેશનું મૃત્યુ થયું હતું. હવે દમયંતિબેને પણ અંતિમ શ્વાસ લેતાં ભક્તિનગર પોલીસે કાર્યવાહી કરી હતી. ગૃહકલેશને કારણે પગલુ ભર્યાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું.

કાલાવડ રોડ પર જડુસ નજીક હિટ એન્ડ રનની ઘટના

# કારચાલક બાઇકને ઉલાળી ભાગ્યો પત્નિનું મોત, પતિ ઈજાગ્રસ્ત

### અવધમાં રહેતાં પ્રૌઢ પત્નિને લઇ ભાઇની ખબર કાઢવા જતાં હતાંઃ તાલુકા પોલીસે કારચાલકની શોધખોળ હાથ ધરી

રાજકોટઃ તા.૫

વારંવાર સર્જાતા જીવલેણ વાહન અકસ્માતમાં વધુ એક બનાવ ઉમેરાયો હતો. કાલાવડ રોડ પર જડુસ ફૂડ ફિલ્ડ હોટલ સામે આવેલા ઓવરબ્રિજ નજીક કારના ચાલકે ટુવ્હીલરને ઉલાળી દેતાં અવધ રોડ પર રહેતાં બ્રહ્મક્ષત્રિય પતિ-પત્નિને ગંભીર ઇજા થઇ હતી. જેમાં સારવાર દરમિયાન પત્નિનું મોત થતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. આ બનાવમાં તાલુકા પોલીસે કાલાવડ રોડ અવધ ઢાળ પ્રધાનમંત્રી આવાસ ક્વાટર્ગર નં. ૪૦૪માં રહેતાં ચોપન વર્ષિય વિપુલભાઇ નાથાલાલ પડીયાની ફરિયાદ પરથી સફેદ રંગની કાર જીજે૦૩એમ-૫૬૭૦ના ચાલક વિરૂધ્ધ ગુનો નોધ્યો હતો.




વિશેષ વિગત મુજબ વિપુલભાઇ ગોકુલધામ મેઇન રોડ પર કાપડનો વેપાર કરે છે. તે અને તેમના પત્નિ હીનાબેન તા૧/૮ના વહેલી સવારે હોસ્પિટલમાં દાખલ પોતાના મોટાભાઈની ખબર અંતર પુછવા ડિસ્કવર મોટરસાઇકલ જીજે૦૩ડીક્યુ-૭૦૨૮ લઇને નીકળ્યા હતા. દરમિયાન જડુસ હોટલ પાસેના સિગ્નલ પર કાલાવડ રોડ ક્રોસ કરતી વખતે સામેથી પુરઝડપે આવેલી સફેદ રંગની કારના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત સર્જી કારચાલક વાહન સાથે નાસી છૂટ્યો હતો. અકસ્માતમાં વિપુલભાઈ અને તેમના પત્નિ હીનાબેન રોડ પર પટકાતા ગંભીર રીતે ઘવાયા હતા. ૧૦૮ મારફતે બંનેને સૌથમ એચ.જે.દોશી હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં વિપુલભાઈના બંને પગમાં ફ્રેક્ચર થયાનું નિદાન થયું હતું.

જ્યારે હીનાબેનને માથાના ભાગે ગંભીર ઈજા અને પગમાં ફ્રેક્ચર હોવાથી વધુ સારવાર અર્થે કુવાડવા રોડ સ્થિત ગોકુલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. ત્યાંથી સિવિલમાં દાખલ કરાયા હતાં. જ્યાં સારવાર દરમિયાન આજે દમ તોડી દીધો હતો. અકસ્માત સર્જીને ભાગી છૂટેલા કારચાલકની કારની નંબર પ્લેટજીજે૦૩એમબી-૫૬૭૦ ઘટનાસ્થળે જ ખરી પડી હતી, જે ભાણેજ દિપલ દ્વારા મેળવી લેવામાં આવી હતી. મૃત્યુ પામનાર હીનાબેનને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઇ ડી. સી. જોષી વધુ તપાસ હાથ ધરી હતી.

# એરપોર્ટ પોલીસે બે ગાડીમાં દારૂના જથ્થા સાથે ત્રણને પકડ્યા

રાજકોટઃ તા.૫

શહેર પોલીસ વારંવાર દારૂની હેરાફેરી ઉઘાડી પાડી નવા જુના બુટલેગરો, સપ્લાયરોને પકડે છે. દરમિયાન એરપોર્ટ પોલીસે જીવાપર ગામના રસ્તે વિન્ડવસર વિલા નજીક બાતમીને આધારે વોચ રાખી સ્વીફ્ટ અને વેન કારમાં વિદેશી દારૂનો જથ્થો લઇને નીકળેલા ત્રણ શખ્સને પકડી લઇ દારૂની ૧૫૩ બોટલો, ૪ મોબાઈલ ફોન અને બે વાહનો મળી કુલ રૂ. ૫,૨૮,૫૦૬નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પેટ્રોલીંગ દરમિયાન એરપોર્ટ ત્રણ રસ્તા પાસે પોલીસ ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે જીવાપર ગામ તરફથી એરપોર્ટ ત્રણ રસ્તા તરફ એક સિલ્વર કલરની સ્વિટ કાર જીજે૦૩એનએફ-૪૩૩૦ અને એક સફેદ કલરની મારૂતિ વેન જીજે૦૩એચકે-૫૩૯૫માં દારૂની હેરાફેરી થઇ રહી છે. આ પાક્કી માહિતીને આધારે જીવાપર તરફ જતા રોડ પર વોચ ગોઠવી બાતમી મુજબની બંને કાર નીકળતાં પકડી લીધી હતી. સ્વીફ્ટમાં બેઠેલા શખ્સે પોતાનું નામ વિવેક દિનેશભાઈ યાદવ (ઉં.વ. ૨૯, રહે. કુવાડવા જી.આઈ.ડી.સી., જલારામ સ્વીટ્સ ઈન્ડસ્ટ્રીઝ) અને વેનના ચાલકે પોતાનું નામ સંજય હકાભાઈ ગોવાણી (રહે. રાધાકૃષ્ણનગર, જંગલેશ્વર) જણાવ્યું હતું. સંજયની સાથે અન્ય એક શખ્સ પણ હતો. તેણે પોતાનું નામ બ્રિજરાજસિંહ પ્રવિણસિંહ જાડેજા (રહે. ન્યુ મેઘાણીનગર, શેરી નં-૧૦/૧૧ નો ખુણો, સહકાર મેઇન રોડ) જણાવ્યું હતું. પોલીસે બંને કારમાંથી ગ્રીનલેબલ, રોયલ ચેલેન્જ વ્હીસ્કીની બોટલો રૂા. ૧,૦૩,૫૦૬ની અને મોબાઇલ ફોન તથા બંને કાર કબ્જે કરી ત્રણેય આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ઈન્સપેકટર કે. પી. તરેટીયાની રાહબરીમાં પીએસઆઇ જી. કે. રાઠોડ, એએસઆઇ બી.ડી. ભરવાડ તથા હેડકોન્સ. ભાવેશભાઈ મકવાણા, જિગ્નેશભાઈ અઘેરા, કોન્સ. સુરેશભાઈ ગમારા અને સજુભા ડાભી સહિતે આ કામગીરી કરી હતી.

# તારી રિક્ષા વચ્ચે કેમ રાખી, મારે ગેસ બળે છે...એક ચાલકે બીજાને કીક ફટકારી

### ગંજીવાડામાં રિક્ષા સાઇડમાં લેવા મામલે જામી પડીઃ થોરાળા પોલીસમાં ફરિયાદ

રાજકોટઃ તા.૫

નહિ જેવી વાતે લોકો બટાઝટી બોલવી દેતાં હોય છે. ભાવનગર રોડ પર થોરાળા પોલીસ સ્ટેશન સામે મનહર સોસાયટી-૧માં રહેતાં અને બંગડી બનાવવાની છુટક મજૂરી કરતાં હિતેષભાઇ પરબતભાઇ ચૌહાણ નામના બેતાલીસ વર્ષના યુવાનને ગંજીવાડા-૪૫માં રહેતાં વિજય મોહનભાઇ શાપરા નામના શખ્સે રિક્ષા સાઇડમાં લેવા બાબતે ગાળો દઇ માથામાં લોખંડની કીક ફટકારી લોહીલુહાણ કરી નાંખતા ટોળુ ભેગુ થઇગયુ હતું.વિગતો જોઇએ તો આ બારામાં થોરાળા પોલીસે હિતેશભાઈ ચૌહાણેની ફરિયાદ નોંધી હતી. તે બપોરે સાડા ત્રણેક વાગ્યે પોતાની તેઓ પોતાની સીએનજી જીજે૦૩એડબલ્યુ-૨૦૦૧માં બંગડીઓ ભરીને કામ પૂરૂ કરવા માટે ગંજીવાડા શેરી નં.૪૨ ખાતે ગયા હતા. તેઓ શેરીમાં રીક્ષા ઉભી રાખી બંગડીઓ ઉતારી રહ્યા હતાં એ સમયે ગંજીવાડા શેરી નં.૪૫માં રહેતો વિજય શાપરા પોતાની રીક્ષા લઈને ત્યાંથી નીકળ્યો હતો. શેરી સાંકડી હોવાના કારણે હિતેશભાઈની રીક્ષા ઉભી હોવાથી અન્ય વાહન નીકળી શકે તેમ નહોતું.



આથી હિતેશભાઈએ ઈશારો કરીને વિજયને થોડીવાર રીક્ષા ઉભી રાખવા વિનંતી કરી હતી. પણ વિજય આ કારણે ઉશ્કેરાઇ ગયો હતો અને તારી રીક્ષા વચ્ચે કેમ ઉભી રાખી છે, મારે ગેસ બળે છે. તેમ કહી ગાળો બોલવા લાગ્યો હતો. હિતેશભાઈએ ગાળો બોલવાની ના પાડતા વિજયએ હિતેશભાઈની રીક્ષાનો આગળનો કાચ તોડી નાખ્યો હતો. તેમજ ઢીકાપાટુનો માર મારી તેને પછાડી દીધા હતાં. બાદમાં પોતાની રિક્ષાની કીક કાઢી હિતેષભાઇના માથામાં ઘા મારી દેતાં તે લોહીલુહાણ થઇ ગયા હતાં. દેકારો થતાં લોકો ભેગા થઇ જતાં વિજય ભાગી ગયો હતો. હિતેષભાઇ સારવાર માટે દાખલ થતાં થોરાળા પોલીસ સ્ટેશનના હેડકોન્સ. એન. એસ. ડામોરે રિક્ષામાં નુકસાની અને ધમકી દઇ મારામારી કરવાનો ગુનો નોંધ્યો હતો.

સગીરાઓ ગૂમ થવાના, અપહરણ થવાના વધુ બે કિસ્સા

# નવાગામની સગીરાને ભગાડતો મંગેતર

### અમીન માર્ગ પરથી ફેશન ડીઝાઇનીંગની છાત્રા ગાયબઃ બી-ડિવીઝન અને માલવીયાનગર પોલીસે એફઆઇઆર નોંધી તપાસ શરૂ કરી

રાજકોટઃ તા.૫

સગીરાઓ ગૂમ થવાની ઘટનાઓમાં પોલીસ અપહરણના ગુના નોંધી કાર્યવાહી કરતી હોય છે. વધુ આવા બે કિસ્સા પોલીસ ચોપડે ચડ્યા છે. જેમાં એક સગીરાને તો તેનો જ મંગેતર ભગાડી ગયો હતો. બીજી સગીરા ફેશન ડીઝાઇનીંગ કોલેજે અમીન માર્ગ પર જવા નીકળ્યા બાદ ગાયબ થઇ હતી.વિગતો જોઇએ તો કુવાડવા રોડ લાલપરી વિસ્તારમાં રહેતાં પરિવારની ૧૭ વર્ષની દિકરીને તેણીનો જ નવાગામ રંગીલા સોસાયટીમાં રહેતો મંગેતર ભગાડી જતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે સગીરાની ફરિયાદને આધારે તેણીને ભગાડી જનાર મંગેતર અને પુછવા જતાં ધમકી આપનારા મંગેતરના પિતા વિરૂધ્ધ ગુનો નોંધાયો છે. ફરિયાદની વિગત મુજબ સગીરાના પિતા હયાત નથી. ૩૦/૭ના ફરિયાદી નોકરીએ ગયા બાદ તેની મોટી ૧૭ વર્ષ ૧૧ મહિનાની ઉમર ધરાવતી દિકરી ગૂમ થઇ ગઇ હતી.



શોધખોળ કરતાં ખબર પડી હતી કે બે વર્ષ તેણીની જેની સાથે સગાઇ થઇ છે તે નવાગામનો યુવાન જ તેને સાથે લઇ ગયો છે. આથી મહિલાએ વેવાઇનો સંપર્ક કરી પુછતાં તેણે તમારી દિકરી અને મારો દિકરો ફરવા ગયા છે, હવે તમારી દિકરી પાછી નહિ આવે, અહિ જ રહેશે થાય તે કરી લેજો તેમ કહી ધમકી દીધી હતી. બી-ડિવીઝન પીઆઇ જી. આર. ચૌહાણે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બીજી ઘટનામાં ગોંડલ રોડ વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષની સગીરા અમીન માર્ગ પર આવેલી ફેશન ડિઝાઇનિંગ કોલેજે અભ્યાસ અર્થે ગયા બાદ ગૂમ થતાં અપહરણનો ગુનો નોંધાયો હતો. આ બનાવમાં માલવીયાનગર પોલીસે છાત્રાના પિતાની ફરિયાદ પરથી અજાણ્યા સામે ગુનો નોંધ્યો છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે તેની દિકરી દોઢેક વર્ષથી ફેશન ડિઝાઇનીંગ કોલેજમાં ક્લાસ કરવા જાય છે. તેણીને તેડવા મુકવા માટે એક રિક્ષાચાલકને રખાયા હતાં. તા. ૩ના બપોરે તેણી નિત્યક્રમ મુજબ ભાડાની રિક્ષામાં બેસી કોલેજ જવા નીકળી હતી.

પરંતુ સાંજે છ પછી પણ ઘરે ન આવતાં પિતાએ રિક્ષાચાલકનો સંપર્ક કરતાં તેણે કહેલુ કે બપોરે તમારી દિકરી અમીન માર્ગ જાનકી પાર્કના ખુણે ઉતરી ગઇ હતી અને સાંજે તેડવા નહિ આવવાનું તેમજ પોતે ફ્રેન્ડ સાથે ઘરે જતી રહેશે તેમ કહ્યાનું જણાવ્યું હતું. દિકરીની શોધખોળ કરવા છતાં કોઇ ભાળ ન મળતાં પોલીસને જાણ કરતાં માલવીયાનગર પીઆઇ જે. એમ. કૈલાની રાહબરીમાં પીએસઆઇ ડી.બી. ગાધેએ અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. તેણી ઘરેથી નીકળી ત્યારે સફેદ આખી બાંહનો શર્ટ અને કાળુ પેન્ટ પહેરેલા હતાં. આમ બે સગીરા ગૂમ થતાં નિયમઅનુસાર પોલીસને અપહરણની એફઆઇઆર દાખલ કરી કાર્યવાહી કરવી પડી હતી.

# તારા પર ગાડી ચડાવીને કચડી નાંખીશ તને ખબરે'ય નહિ પડે!

### મહિલા ટ્રાફિક કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરાવી નાંખવાની અને પટ્ટા ઉતરાવી નાંખવાની ધમકીઃ પારડીના શખ્સ સામે તાલુકા પોલીસે ગુનો નોંધી કાયદાનું ભાન કરાવ્યું

રાજકોટઃ તા.૫

શહેરમાં વાહન ચાલકો અને ટ્રાફિક પોલીસ વચ્ચે તેમજ વોર્ડન વચ્ચે માથાકુટ થઇ પડતી હોવાના બનાવો અવાર-નવાર બને છે અને સોશિયલ મિડીયામાં આવા વિડીયા પણ વહેતા થાય છે. દરમિયાન એક શખ્સે ચોરી ઉપર સે સીનાજોરી જેવુ કર્યું હતું. શહેરના ૧૫૦ ફીટ રીંગ રોડ પર આવેલ પાટીદાર ચોક ખાતે વાહન ચેકિંગ દરમિયાન કાળી ફિલ્મ ધરાવતી કારને ટ્રાફિક પોલીસે રોકતાં તેમાં બેઠેલા શખ્સે ભુલ સ્વીકારી દંડ ભરવાને બદલે મહિલા કોન્સ્ટેબલને ધમકાવી તેને સસ્પેન્ડ કરાવી દેવાનું કહી ગમે ત્યારે ગાડી માથે ચડાવી કચડી મારવાની ધમકી આપતાં ચકચાર જાગી હતી.વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં તાલુકા પોલીસે ટ્રાફિક શાખાના કોન્સ્ટેબલ પૂજાબેન ભરતભારથી ગોસ્વામીની ફરિયાદ પરથી લોધીકાના પારડી ગામના કરણ પ્રવિણભાઇ મકવાણા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. ફરિયાદની વિગત મુજબ સાંજના આશરે સાડા છએક વાગ્યે પાટીદાર ચોક નવા ૧૫૦ ફીટ રીંગ રોડ ખાતે એએસઆઇ ભુપતભાઈ વાસાણી, ટીઆરબી અશ્વિનભાઈ સોલંકી, સમીરભાઈ શાહમદાર તથા અમિતભાઈ સબાડ સાથે ટ્રાફિક પોલીસ કોન્સ્ટેબલ પૂજાબેન ગોસ્વામી વાહન ચેકિંગની કામગીરીમાં હતા. આ વખતે શીતળા ચોક તરફથી આવતી એક કાર નં. જીજે૦૪એપી-૯૮૫૫ પસાર થઈ હતી. આ કારમાં કાળા કાચ-બ્લેક ફિલ્મ લગાડેલી હોવાથી પોલીસે કારને રોકાવી હતી. કારમાં ચાર શખ્સો સવાર હતા. પોલીસે જ્યારે કાળા કાચ અંગે પુછપરછ કરી ત્યારે ડ્રાઇવર સીટની બાજુમાં બેઠેલા શખ્સે ઉધ્ધત વર્તન કરી હું મારી ગાડીમાં કાળા કાચ જ રાખીશ અને કાળા કાચ ઉતારીશ તો તારા પટ્ટા ઉતારતા મને વાર નહીં લાગે. તે મારી ગાડી ભી રાખીને ભૂલ કરી છે. મારે તો કાયમ અહિથી જ નીકળવાનું છે, હું ગમે ત્યારે તારી ઉપર ગાડી ચલાવીને કચડી નાખીશ અને તને ખબર પણ નહીં રહે. તું અત્યારે મારી ગાડી જવા દે નહિતર તારી વિરૂધ્ધ ખોટી ફરિયાદ કરી તને સસ્પેન્ડ કરાવી નાખીશ. તેવી ધમકી આપી હતી. આ શખ્સોને પોલીસે સમજાવવાનો પ્રયાસ કરવા છતાં તેઓ વધુ ઉશ્કેરાયા હતા અને દાદાગીરી ચાલુ રાખી હતી. જેથી પરિસ્થિતિને પહોંચી વળવા ટ્રાફિક સ્ટાફે તાત્કાલિક પોલીસ હેલ્પલાઈન નંબર ૧૧૨ પર કોલ કરી પોલીસ ગાડી બોલાવી લીધી હતી. ઘટનાસ્થળે આવેલી પોલીસ ટીમ તમામને તાલુકા પોલીસ સ્ટેશને લઇ જતાં પૂજાબેનની ફરિયાદ પરથી કરણ મકવાણા સામે ફરજમાં રૂકાવટ, ઉશ્કેરણીજનક વર્તન અને મારી નાંખવાની ધમકીનો ગુનો તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એસ. આર. મેઘાણીના માર્ગદર્શનમાં પીએસઆઇ એસ. પી. ચૌહાણે એફઆઇઆર દાખલ કરી આરોપીને કાયદાનું ભાન કરાવ્યું હતું.

### વિદેશમાં તમારો બિઝનેસ વધારી દઇશું કહી ફ્રી મેમ્બરશીપમાં એડ કર્યા પછી રોકાણ કરાવ્યું

# વિકાસ-યાશીકાની વાતોમાં ફસાઇ પોણો કરોડ ગુમાવ્યા

## વેપારીને વિદેશી ગ્રાહકો સાથે ધંધાકીય ચર્ચાના નામે નકલી ઇ-મેઇલથી ઓર્ડરનું નાટક રચી નાણા ખંખેરી લીધાઃ સાયબર ગઠીયાઓને શોધવા પોલીસ ઉંધેમાથે




રાજકોટઃ તા.૫

ગમે તેમ કરીને સાયબર ગઠીયાઓ પોતાનો શિકાર શોધવામાં સફળ થઇ જાય છે. સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા કેટકેટલાય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે કે લોકો છેતરપીડીથી બચી શકે. પરંતુ ગઠીયાઓ જુના નવા તુક્કાઓ અપનાવી સતત લાખો કરોડો ઉસેડી જ રહ્યા છે. શેર બજારના નામે અને ટ્રેડ ગ્રોથના નામે તેમજ યુએસડીટી કે ગોલ્ડમાં રોકાણના નામે સતત ઠગાઇ થતી રહે છે. વધુ એક બનાવમાં એક વેપારીને ટ્રેડ ગ્રોથના નામે છેતરીથી પોણો કરોડથી વધુનો ચૂનો લગાવી દેવામાં આવ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો સાયબર ગઠિયાઓ દરરોજ નિર્દોષ લોકોને પોતાની જાળમાં ફસાવવા અવનવા કીમિયા અપનાવી રહ્યા છે. ત્યારે અમદાવાદમાં સાયબર માફિયાઓએ એક વેપારીની વિદેશમાં ધંધો વિકસાવવાની ઘેલછાનો ગેરલાભ ઉઠાવી રૂ. ૭૫.૭૯ લાખની મસમોટી ઠગાઈ આચરી હોવાનો સનસનાટીભર્યો કિસ્સો -કાશમાં આવ્યો છે. આ અંગે ભોગ બનનાર વેપારીએ અમદાવાદ સાયબર ક્રાઇમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસ સુત્રોએ જણાવેલી વિગતો મુજબ, ઘાટલોડિયાના સાયોના સિટી બંગલોઝ ખાતે રહેતા અઠાવન વર્ષીય અજિતભાઈ વિક્રમભાઈ પટેલ ઓઢવ વિસ્તારમાં વાલ્વ બનાવવાની કંપની ધરાવે છે.

તેઓ પોતાની કંપની પર હાજર હતા ત્યારે તેમના મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી વોટ્સએપ કોલ આવ્યો હતો. કોલ કરનારે પોતાની ઓળખ વર્લ્ડ ટ્રેડ ગ્રોથ કંપનીના વિકાસ ગુપ્તા તરીકે આપી હતી. બાદમાં વિકાસ ગુપ્તાએ અજિતભાઈને વિદેશી ગ્રાહકો લાવી આપવાની અને વિદેશમાં તેમનો વાલ્વનો બિઝનેસ ખૂબ વધારી દેવાની મોટી લાલચ આપી હતી. તેની મીઠી-મીઠી વાતોમાં આવી ગયેલા અજિતભાઈને તેણે કંપનીની પ્રોફાઈલ તૈયાર કરવા અને મેમ્બરશિપ લેવાના નામે જાળમાં ફસાવ્યા હતા.

વેપારીએ મેમ્બરશિપ ફી મેળવ્યા બાદ બીજા જ દિવસથી યાસિકા નામની મહિલાએ અજિતભાઈ સાથે વાતચીત શરૂ કરી હતી. યાસિકાએ વિદેશી ગ્રાહકો સાથે ધંધાકીય ચર્ચા કરાવીને ઈ-મેઈલ દ્વારા ઓર્ડર મળ્યા હોવાનું નાટક રચ્યું હતું. ત્યારબાદ આ ઓર્ડર મેળવનારી કંપની માટે સર્ટિફિકેટ કોડ લેવાના બહાને અજિતભાઈ પાસેથી લાખો રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા હતા. આટલું જ નહીં, ત્યારબાદ અન્ય એક યુવતીએ પણ અલગ-અલગ વિદેશી કંપનીઓના નામે બિઝનેસ મળવાની વાતો કરી લાખો રૂપિયાનું રોકાણ કરાવ્યું હતું.

આ રીતે અલગ-અલગ બહાને કુલ રૂ. પંચોતેર લાખ ઓગણએંસી હજાર જેટલી માતબર રકમ રોક્યા છતાં પણ વાસ્તવમાં એક પણ ઓર્ડર હાથ ન લાગતાં અજિતભાઈને પોતે મોટી છેતરપિંડીનો ભોગ બન્યા હોવાનો અહેસાસ થયો હતો. તેમણે તાત્કાલિક આ અંગે સાયબર ક્રાઈમ બ્રાન્ચનો સંપર્ક કરી અજાણ્યા સાયબર ઠગો સામે ફરિયાદ નોંધાવી હતી. આ મામલે હવે તપાસ શરૂ કરાઇ હતી. આ પ્રકારની ઠગાઇના કિસ્સા રોજબરોજ સામે આવતા રહે છે. સાયબર ગઠીયાઓ લોકોમાં જાગૃકતાનો અભાવ અને લાલચની જાળનો ઉપયોગ કરી છેતરપીંડી કરવામાં સરળતાથી સફળ થઇ રહ્યા છે. જેનો આ વધુ એક પુરાવો આપતી ઘટના ગણી શકાય તેમ છે.

### સાયબર ગઠીયાઓએ સોશિયલ મિડીયા માધ્યમથી વધુ એક શિકાર કર્યો

# ફેસબૂકની એડમાં ક્લીક કર્યુ ને પોણા બે કરોડ ચાઉ

## વેપારીને ફોરેક્સ ટ્રેડીંગમાં ઉંચા વળતરની લાલચ આપી છેતરી લેવાયા



રાજકોટઃ તા.૫

સોશિયલ મિડીયા પર સતત સક્રિય રહીને લોકો ઇન્ફલયુએન્સર કમાણી પણ કરતાં હોય છે. પરંતુ આ લોકો સાચા રસ્તે નામ અને દામ મેળવવામાં સફળ થતાં હોય છે. બીજી તરફ ગઠીયાઓ લેભાગુઓ આ માધ્યમનો ખોટો ઉપયોગ કરીને ફ્રોડ આચરતાં હોય છે તો ઘણા વળી સગીરાઓ, યુવતિઓ, પરિણીતાઓને ફસાવવા માટે પણ આ માધ્યમનો દુરૂપયોગ કરતાં હોય છે. વધુ એક વખત ફેસબૂકનો ઉપયોગ કરી ગઠીયાઓ કાપડના વેપારીને ફોરેક્સ ટ્રેડીંગમાં રોકાણના નામે એક કરોડ બ્યાંસી લાખ ઉસેડી લેવાયા હતાં. આ પ્રકારની ઠગાઇઓ વારંવાર થાય છે તેમાં વધુ એક મસમોટી ઠગાઇનો ઉમેરો થઇ ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો સુરત શહેરના ઘોડદોડ રોડ વિસ્તારમાં રહેતા અને પાંડેસરા ખાતે કાપડનો વ્યવસાય કરતા વેપારી સાથે ૧,૮૨,૯૧,૭૭૩ની મોટી સાયબર છેતરપિંડીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ઘટનાની વિગતો મુજબ ફરિયાદી વેપારી જ્યારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર સર્ફિંગ કરી રહ્યા હતા, ત્યારે તેમને કેપ પ્લેસ નામના પ્લેટફોર્મની ફોરેક્ષ ટ્રેડિંગ સંબંધિત આકર્ષક જાહેરાત જોવા મળી હતી. જાહેરાતમાં ખુબ જ ટૂંકા ગાળામાં ચું વળતર મેળવવાની મોટી લાલચ આપવામાં આવી હતી. આ ઝાંસામાં આવીને વેપારીએ જાહેરાત સાથે આપેલી લિંક પર ક્લિક કર્યું હતું અને કેપપ્લેસડોટ કોમે નામની વેબસાઈટ પર પહોંચી ગયા હતા.

ત્યાં તેમણે પોતાનો મોબાઈલ નંબર, વિગતો તથા બેંક ખાતાની તમામ જરૂરી માહિતી ભરીને એક નવું ટ્રેડિંગ એકાઉન્ટ રજીસ્ટર કર્યું હતું. એકાઉન્ટ સફળતાપૂર્વક બની ગયા બાદ આરોપી ડેનિયલ ડી. અને તેના સહયોગીઓએ અલગ-અલગ મોબાઈલ નંબરો પરથી સંપર્ક સાધીને વેપારીને ફોરેક્ષ ટ્રેડિંગ ક્ષેત્રે માર્ગદર્શન આપવાના નામે વિશ્વાસમાં લીધા હતા. ઠગોએ વાતચીત અને વ્યવહાર માટે ટેલિગ્રામ એપ્લિકેશનના વિશિષ્ટ બોટ એકાઉન્ટનો ઉપયોગ શરૂ કર્યો હતો. આ ટેલિગ્રામ બોટ મારફતે ફરિયાદીને કયા સમયે, કયા બેંક ખાતામાં અને કેટલી રકમ જમા કરાવી તેની તબક્કાવાર સૂચનાઓ આપવામાં આવતી હતી.ત્યારબાદ ઠગોની મીઠી વાતો અને ચા નફાની આશામાં આવીને વેપારીએ સતત વિવિધ બેંક ખાતાઓમાં મોટી રકમો ટ્રાન્સફર કરવાનું ચાલુ રાખ્યું હતું. કુલ મળીને એક કરોડ બ્યાંસી લાખથી વધુની રકમ અલગ-અલગ હપ્તાઓમાં જમા કરવામાં આવી હતી, જે વેબસાઈટના ડેશબોર્ડ પર મોટા નફા સાથે બેલેન્સ તરીકે દર્શાવાતી હતી. સાયબર ઠગોએ વેપારીનો વિશ્વાસ સંપૂર્ણપણે જીતી લેવા માટે એક સુઆયોજિત ચાલ રમી હતી. ફરિયાદીને પોતાની જમા કરેલી રકમમાંથી તબક્કાવાર કુલ ૯,૪૨,૬૬૪ પોતાના અસલ બેંક ખાતામાં વિથડ્રો કરવાની મંજૂરી આપવામાં આવી હતી. આ રકમ ખાતામાં જમા થતાં વેપારીને સ્કીમ સંપૂર્ણપણે સાચી હોવાનો દ્રઢ વિશ્વાસ બેસી ગયો હતો. ત્યારબાદ તેમણે વધુ રકમનું રોકાણ કર્યું હતું. જ્યારે તેમણે પોતાના ખાતામાં દર્શાવાતો મોટો નફો અને મૂળ મૂડી વિથડ્રો કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે સિસ્ટમમાંથી ટ્રાન્સફર અટકી ગયું હતું. આરોપીઓએ વધુ વિથડ્રોઅલ માટે અલગ-અલગ ચાર્જિસ, ટેક્સ અને -ોસેસિંગ ફીના નામે વધુ રૂપિયા ભરવાની માંગણી કરી હતી, જેથી વેપારીને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો સ્પષ્ટ અહેસાસ થયો હતો. આમ રોકાણ પર નફો લેવા જતાં પોણા બે કરોડથી વધુની મત્તા સાયબર ગઠીયાઓ ઉસેડી ગયા હતાં.

### માતા પર થતા અત્યાચારનો લોહિયાળ અંત

# સગીર પુત્રએ ગળેટૂંપો આપી દારૂડિયા પિતાને પતાવી દીધા

## કણકોટમાં રોજ દારૂ પીને માતાને બેરહેમીથી માર મારતા પિતાનો ત્રાસ સહન ન થતાં પુત્રએ આવેશમાં આવીને ભર્યું આત્યંતિક પગલુંઃ સકંજામાં



રાજકોટ, તા.૫

શહેર નજીક આવેલા કણકોટ ગામની સીમમાં પિતા અને પુત્ર વચ્ચેનો કૌટુંબિક કલહ લોહિયાળ જંગમાં પરિણમ્યો છે. દારૂની લતે ચડેલા પિતાના રોજબરોજના ત્રાસથી કંટાળીને એક સગીર પુત્રએ પોતાના જ પિતાને ગળેટૂંપો આપીને મોતને ઘાટ ઉતારી દીધા છે. બાંધકામ સાઇટ પર બનેલી પિતાની હત્યાની આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, કણકોટ ગામની સીમમાં આવેલી એક બાંધકામ સાઇટ પર ૪૦ વર્ષીય ભરતસિંગ ડામોર નામનો શ્રમિક મજૂરી કામ કરી પોતાના પરિવાર સાથે ત્યાં જ રહેતો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં હત્યા પાછળનું કારણ અત્યંત ચોંકાવનારું અને કરુણ બહાર આવ્યું છે. મૃતક ભરતસિંગને દારૂ પીવાની ભારે લત હતી. તે દરરોજ દારૂના નશામાં ચૂર થઈને ઘરે આવતો અને પોતાની પત્ની (સગીર આરોપીની માતા) સાથે અમાનુષી મારપીટ તેમજ ગાળાગાળી કરતો હતો. આટલું જ નહીં, દારૂ પીવા અને ઘરખર્ચ માટે વારંવાર પૈસા માંગીને તે આખા પરિવારને સતત શારીરિક અને માનસિક ત્રાસ આપતો હતો.પિતાના આ રોજબરોજના ત્રાસ અને પોતાની જન્મદાત્રી માતા પર થતા અત્યાચારને જોઈને સગીર પુત્રનો ગુસ્સો સીમા વટાવી ગયો હતો અને તે ધીરજ ગુમાવી બેઠો હતો. આખરે આવેશમાં આવીને આ સગીર પુત્રએ પોતાના જ પિતાને ગળેટૂંપો આપી દીધો હતો, જેના કારણે શ્વાસ રૂંધાવાથી ભરતસિંગ ડામોરનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.આ બનાવની જાણ થતાં જ આસપાસના લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને તાત્કાલિક રાજકોટ તાલુકા પોલીસને જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને પગલે તાલુકા પોલીસે તુરંત સ્થળ પર પહોંચીને મૃતદેહનો કબજો મેળવ્યો હતો અને તેને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડ્યો છે. હાલ પોલીસે આ મામલે હત્યાનો ગુનો નોંધીને સગીર આરોપી પુત્રને પોતાના સકંજામાં લઈ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સોશિયલ મિડીયામાં જાળ બીછાવી ગઠીયાઓએ વધુ એક શિકાર કરવામાં સફળતા મેળવી

# રીલ જોઇ ક્લીક કર્યુ ને અડધો કરોડ ગાયબ!

## યુવાનને રોકાણ પર શરૂઆતમાં એક હજારનો નફો દેખાડી રકમ ઉપાડવા દીધીઃ પછી પચાસ લાખનું રોકાણ કરતાં દોઢ કરોડ નફો દેખાયોઃ તે ઉપાડવા સાડા બાર લાખનો ટેક્સ ભરાવ્યોઃ એ પછી પણ નાણા માંગી છેલ્લે એકાઉન્ટ ડીલીટ કરી નાંખ્યુંઃ સાબયર ક્રાઇમ પોલીસે શરૂ કરી તપાસ

રાજકોટઃ તા.૫

શેરબજારમાં રોકાણના નામે લોકોને છેતરી લેનારા ગઠીયાઓ સતત સફળ થઇ રહ્યા છે. આ પ્રકારના અનેક કિસ્સા બની ચુક્યા છે અને રોજબરોજ આવા કિસ્સાઓની વિગતો અખબારો, સોશિયલ મિડીયામાં પ્રસારીત થતાં રહે છે આમ છતાં લોકો જાગૃત થતાં નથી અને લાલચમાં આવીને રોકાણ કરી નાંખે છે. આ પછી નફાને બદલે લેભાગુ ગઠીયાઓ ઠેંગો બતાવી લાખો કરોડો ઉસેડી ભાગી જાય છે. એક યુવાને ઇન્સ્ટાગ્રામમાં રોકાણ પર નફાને લગતી રીલ જોયા બાદ ક્લીક કરતાં જ તેને એક ગ્રુપમાં એડ કરી દઇ રોકાણ કરવા લલચાવી શરૂઆતમાં એક હજારનો નફો અપાયો હતો અને રકમ ઉપાડવા દીધી હતી. પછી મસમોટા રોકાણ પર દોઢ કરોડનો નફો બતાવી એ ઉપાડવા બીજો સાડા બાર લાખનો ટેક્સ ભરાવ્યો હતો અને છેલ્લે એકાઉન્ટ ડીલીટ કરી નાંખ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો એક યુવાને ઇન્સ્ટાગ્રામમાં રોકાણની રીલ જોઇ ક્લીક કરતાં જ ગઠીયાની જાળમાં ફસાયો હતો. બાદમાં તેની સાથે અધધધ અડધા કરોડની ઠગાઇ રોકાણના નામે થઇ છે. શેર બજારમાં રોકાણ કરાવડાવી આ ગઠીયાએ એક્સીસ સિક્યુરીટીના સર્ટિફિકેટ પણ મોકલ્યા હતાં. પરંતુ બાદમાં ચૂનો લગાવી દીધો હતો. અમદાવાદ શહેરના નરોડાના યુવકને એક્સિસ સિક્યુરિટીમાં રોકાણ કરાવવાના બહાને યુવક પાસેથી સાયબર ઠગોએ પચાસ લાખ રૂપિયા પડાવ્યા હતાં.

ગઠિયાઓએ યુવકને રોકાણ કરાવી શરૂઆતમાં એક હજાર ઉપાડવા દીધા હતા. જે બાદ પૈસા પરત ન આપી ઠગાઈ કરવામાં આવી હતી. યુવકને વિશ્વાસ અપાવવા એક્સીસ સિક્યુરિટીના સર્ટિફિકેટ પણ આપવામાં આવ્યા હતા. યુવકે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી. વધુ માહિતી અનુસાર નવા નરોડામાં રહેતો ૩૫ વર્ષીય યુવક લિટ બનાવવાની કંપની ચલાવે છે. યુવકે ઈન્સ્ટાગ્રામમાં એક્સિસ સિક્યુરિટીની શેરમાર્કેટમાં રોકાણ કરવાની રીલ જોઈ હતી.

જેના લીંક ઉપર ક્લિક કરતા યુવક ગ્રુપમાં એડ થયો હતો. ત્યારે બાદ ગ્રુપમાં લોકો રોકાણ કરી પૈસા કમાયા હોય તેના મેસેજ કરતા હતા. યુવકને ગ્રુપમાંથી એક યુવતીનો ફોન આવ્યો હતો અને લિંક મોકલી એપ્લિકેશન ડાઉનલોડ કરાવી રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. યુવકે એક્સિસ સિક્યુરિટી લખેલી લિંકમાંથી એપ્લિકેશન ડાઉનલોડ કરી હતી. યુવકને શરૂઆતમાં કહેવામાં આવતું તેમ રોકાણ કરતો હતો. શરૂઆતમાં પાંચ લાખના રોકાણ સામે એપ્લિકેશનમાં નફો બતાવતા હતા.




જેમાંથી યુવકે એક હજાર રૂપિયા ઉપાડ્યા હતા. બાદમાં બીજી રકમ ઉપાડવા જતા વીઆઇપી સર્વિસ લેવાનું જણાવ્યું હતું જેનો ચાર્જ વધારે હોવાથી યુવકે બાકીની રકમ ઉપાડી ન હતી.

યુવકને વિશ્વાસ આવતા અઢી મહિનામાં પચાસ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું. જેની સામે યુવકને ૧.૨૨ કરોડ રૂપિયાનો નફો બતાવતા હતા. યુવકને જ્યારે પૈસા ઉપાડવા દસ ટકા ટેક્સ ભરવાનું કહ્યું ત્યારે યુવકે બાર લાખ રૂપિયા ટેક્સ ભર્યો હતો.

પણ ત્યાર બાદ છ ટકા સબસ્ક્રીપ્શન ટેક્સના ભરવાનું કહેતા બીજા સાત લાખ વીસ હજાર ભર્યાં હતા. આમ યુવકે લાખો રૂપિયા ભર્યા છતાં નફો કે મુળ રકમ પરત આપવામાં આવી નહોતી. જેથી યુવકે સાઇબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી. આમ સોશિયલ મિડીયા મારફત ઠગાઇનો વધુ એક વખત ગઠીયા કારીગીરી કરી અડધો કરોડ ઉસેડી જવામાં સફળ થઇ ગયા હતાં. રોકાણ પર નફાની લાલચમાં અનેક લોકો છેતરાઇ ચુક્યા છે જેમાં આ વધુ એક કિસ્સો ઉમેરાઇ ગયો છે. ટુંકા રસ્તે અને ઝડપથી માલદાર થવાની લ્હાયમાં આ રીતે લોકો મરણમુડી ગુમાવી દેતાં હોય છે. લાલચથી દુર રહો અને આવા ફ્રોડથી બચો. હાલના સમયમાં આ તકેદારી સૌ કોઇએ રાખવી જરૂરી છે.

અલગ અલગ ચાર ઘટનાઓમાં પરિવારોએ પોતાના સ્વજનોને ગુમાવી દીધા

# યુવાન રોડ પર લોહીલુહાણ મળ્યા બાદ મોત

## નાસ્તાનો સ્ટોલ બંધ કરી ઘરે જતાં હતાં ત્યારે મોડી રાતે બનાવઃ વાહન પરથી ફેંકાયા કે કોઇએ હુમલો કર્યો? ઇજાઓ પરિવારને શંકાસ્પદ લાગતાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવાયું: બીજી ઘટનામાં રસ્તો ઓળંગી રહેલા વૃધ્ધાનું મોટર સાઇકલની ઠોકરે મોતઃ ત્રીજા બનાવમાં નિવૃત એસટી ડ્રાઇવરનું દિલની દગાખોરીથી મૃત્યુઃ એક મહિલાનું બેભાન હાલતમાં મોત

રાજકોટઃ તા.૫

વાહન અકસ્માત-અપમૃત્યુના બનાવોનો સિલસિલો યથાવત રહ્યો હતો. આ વચ્ચે વધુ ચાર અપમૃત્યુની ઘટના સામે આવી હતી. જેમાં એક બનાવમાં જસદણના ખાનપર ગામની ગોળાઇ પાસે મોડી રાતે સાડા અગીયારેક વાગ્યા આસપાસ જસદણ રહેતાં અને ઉંટવડ ગામે ખાણીપીણીનો ધંધો કરતાં યુવાન લોહીલુહાણ અને ઇજાગ્રસ્ત હાલતમાં મળતાં હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ ત્યાં મૃત જાહેર કરવામાં આવ્યા હતાં. તેમના મૃત્યુ બાબતે પરિવારે શંકા દાખવતાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાયું હતુ. બીજા બનાવમાં વૃધ્ધા રસ્તો ઓળંગતી વખતે મોટર સાઇકલની ઠોકરે ચડતાં મોત થયું હતું. અન્ય બે બનાવમાં દિલની દગાખોરીથી અને બેભાન હાલતમાં એક પ્રૌઢ અને એક મહિલાના જીવ ગયા હતાં.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો જસદણમાં સિવિલ હોસ્પિટલ પાછળ ખાટકી ચોકમાં રહેતાં સમીરભાઇ રઝાકભાઇ રાઠોડ નામના આડત્રીસ વર્ષના યુવાન રાતે સાડા અગીયારેક વાગ્યે જસદણ-ખાનપરથી ગોળાઇ નજીકથી લોહીલુહાણ હાલતમાં મળતાં તેમને કોઇ રાહદારીએ સારવાર માટે જસદણ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. દરમિયાન ત્યાં ગામના પરિચીત લોકો હાજર હોઇ સમીરભાઇના કુટુંબીઓને જાણ કરતાં તેઓ પણ હોસ્પિટલે દોડી ગયા હતાં.

જો કે સારવાર દરમિયાન સમીરભાઇનું મૃત્યુ થયું હતું. તેમના હોઠ પર, કપાળના ભાગે કોઇ હથીયારથી હુમલો કરાયો હોય તેવા કાપા જોવા મળતાં પરિવારજનોને બનાવ શંકાસ્પદ જણાતાં પોલીસે મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડ્યો હતો. મૃત્યુ પામનાર સમીરભાઇ ચાર ભાઇમાં વચેટ હતાં. તેમને સંતાનમાં બે દિકરી છે. સગાએ જણાવ્યું હતું.

સમીરભાઇ નજીકના ઉંટવડ ગામે નાસ્તાનો સ્ટોલ રાખી ખાણીપીણીનો વેપાર કરતાં હતાં. રાતે તેઓ ધંધાના સ્થળેથી બાઇક પર જસદણ ઘરે આવતાં હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. બાઇક સ્લીપ થઇ જતાં ઇજા થઇ કે પછી કોઇ વાહનનો ચાલક ઠોકરે લઇને ભાગી ગયો કે પછી કોઇએ હુમલો કર્યા બાદ તે ફેંકાઇ જતાં મૃત્યું થયું? તે અંગે પરિવારજનોએ શંકા દર્શાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. બનાવથી બે દિકરીઓએ પિતાની છત્રછાંયા ગુમાવતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. પોલીસે વિશેષ તપાસ યથાવત રાખી હતી.



બીજી ઘટના જોઇએ તો પડધરી તાબેના ખામટા ગામે શાળાએ જઇ રહેલા પૌત્રને રસ્તો ઓળંગાવી રહેલા વૃધ્ધા એક બાઇકની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થતાં સારવાર દરમિયાન રાજકોટ સિવિલ હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. વિશેષ માહિતી અનુસાર પડધરી બસ સ્ટેશન પાછળ રહેતાં મંજુલાબેન વાલજીભાઇ રોજાળા નામના ચોસઠ વર્ષના વૃધ્ધા ખામટામાં ફીક્સટોન કંપની નજીક પૌત્રને શાળાએ મુકવા ગયા હોઇ રસ્તો ઓળંગાવી રહ્યા હતાં ત્યારે એક મોટરસાઇકલની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થતાં પડધરી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ગઇકાલે મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે પડધરી પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર વૃધ્ધાના પતિ હયાત નથી. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પડધરી પોલીસે ટુવ્હીલરના ચાલક વિરૂધ્ધ કાર્યવાહી કરી હતી.

ત્રીજા બનાવ પર નજર કરીએ તો દિલની દગાખોરીથી વધુ એક મૃત્યુ થયું હતું. આજીડેમ ચોકડીથી આગળ મહિકાના પાટીયા પાસેની સોસાયટીમાં રહેતાં અઠાવન વર્ષના મહેશભાઇ દયાશંકરભાઇ તેરૈયા રાતે લીમડા ચોકમાંથી કૂરિયર કંપનીના પાર્સલનો ટેમ્પો લઇ રવાના થાય એ પહેલા હૃદય બંધ પડી જતાં મૃત્યુ થયું હતું. મહેશભાઇ લીમડા ચોકમાં આવેલી પવન કૂરિયરની ઓફિસ ખાતેથી પાર્સલનો ટેમ્પો લઇ સુરેન્દ્રનગર તરફ જવાનું હોઇ તેમના પુત્ર સમીરભાઇ તેમને અહિ મુકીને પરત ઘર તરફ જતાં હતાં. જો કે મહેશભાઇ ટેમ્પો લઇ રવાના થાય એ પહેલા લીમડા ચોક ઓફિસ પાસે જ એકાએક ઢળી પડ્યા હતાં.

તેમને સારવાર માટે તુરત સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ મૃત્યુ થયું હતું. હાર્ટએટેક આવી ગયાનું જાહેર થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે એ-ડિવીઝન પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર મહેશભાઇ અગાઉ સાવરકુંડલા એસટી ડેપોમાં ડ્રાઇવર તરીકે ફરજ બજાવતાં હતાં. ગયા મે મહિનામાં જ નિવૃત થયા બાદ હાલ કૂરિયર કંપનીમાં ડ્રાઇવર તરીકે કામ કરતાં હતાં. તેઓ બે ભાઇ અને એક બહેનમાં બીજા હતાં. સંતાનમાં બે દિકરા અને એક દિકરી છે. બનાવથી પરિવારમાં શોક વ્યાપી ગયો હતો.

ચોથી અપમૃત્યુની ઘટના જોઇએ તો કોઠારીયા રોડ તપસી હોટેલ નજીક તિરૂપતી બાલાજી સોસાયટી-૨માં રહેતાં રસિલાબેન મનસુખભાઇ રૂપારેલીયા નામના છપ્પન વર્ષના મહિલા સાંજે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનારના પતિ કારખાનેદાર છે. સંતાનમાં બે દિકરા છે. તેમને ડાયાબીટીશ સહિતની બિમારી હતી, હાલમાં તાવ પણ આવતો હતો. સાંજે બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું હતું. પોલીસે મોતનું કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. આમ ચાર ઘટનાઓમાં પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવી દેતાં શોક વ્યાપી ગયો હતો.

વિદેશ જઇ બે પાંદડે થવા ઇચ્છુક લોકો વારંવાર ફસાઇ જાય છે લેભાગુઓની જાળમાં

# વિઝાના નામે કેટરીંગ ધંધાર્થીને લાખોનો ચૂનો

## ગઠીયાએ સાડા બાર લાખ લઇ લીધા પછી વિઝાને બદલે બતાવ્યો ઠેંગોઃ બીજી ઘટનામાં મકાનના સોદાના નામે અડધા કરોડથી વધુની ઠગાઇ

રાજકોટઃ તા.૫

વિદેશ જવા ઇચ્છુક હોય તેવા યુવાનો, પરિવારો સતત ગમે તેમ કરીને વિદેશ પહોંચી જવાના સપનાઓને કારણે વારંવાર લેભાગુ એજન્ટોની જાળમાં ફસાઇ નાણા ગુમાવી દે છે. વધુ એક વખત આવી ઠગાઇ થઇ છે જેમાં યુકેના વિઝાના નામે કેટરીંગના ધંધાર્થીને સાડા બાર લાખનો ડામ આપી દેવાયો હતો. કન્સલ્ટન્સીના સંચાલકે રોકડા મેળવી લીધા બાદ વિઝાને બદલે ઠેંગો બતાવી દીધો હતો. બીજી એક ઠગાઇમાં મકાન વેંચાણના નામે અડધા કરોડથી વધુની ઠગાઇ કરાઇ હતી. માથે જતાં નાણાની ઉઘરાણી કરનારને ધમકી પણ અપાઇ હતી.




પ્રથમ ઘટના જોઇએ તો વડોદરા ફતેપુરા મહેશ્વરી સોસાયટીમાં રહેતા અને કેટરિંગનો ધંધો કરતા ભાવેશ પંડ્યાને યુકેના વિઝા કરાવી આપવાના બહાને મુજમહુડાના અક્ષર કન્સલ્ટન્સીના એજન્ટે રૂા.૧૨.૪૪ લાખ પડાવી લઈને છેતરપિંડી કરી હતી. જે અંગે જે.પી રોડ પોલીસે ગુનો નોંધ્યો હતો. ફતેપુરા મહેશ્વરી સોસાયટીમાં રહેતા ભાવેશ રસીકભાઈ પંડ્યા હાલ પંડ્યા કેટરર્સ નામથી કેટરિંગનો ધંધો કરે છે. ભાવેશ પંડ્યાએ યુકે જવું હતું. તેઓ ડિસેમ્બરમાં મુજમહુડા સમન્વય સીલ્વર કોમ્પ્લેક્સની અક્ષર કન્સલ્ટન્સીમાં ગયા હતા, જ્યાં અનુશ પટેલ મળ્યો હતો. તેણે જણાવ્યું હતું કે, હું વિઝા એજન્ટ તરીકે કામ કરુ છું.

આ ઉપરાંત એવા પણ બણગા ફુંક્યા હતાં કે તેણે ઘણા લોકોને ઓછા રૂપિયામાં સારી જગ્યાએ નોકરી કરવા માટે મોકલી આપ્યા છે અને તમારું કામ પણ સારી કરી આપીશ. યુકેના વિઝા માટે અનુશ પટેલે રૂપિયા ચૌદ લાખ આપવા જણાવ્યું હતું. ત્યારબાદ ભાવેશ પંડ્યાએ ટુકડે-ટુકડે બાર લાખ ચુમાલીસ હજાર ચુકવી આપ્યા હતા. અનુશે ભાવેશને અમદાવાદ મેડિકલ રિપોર્ટ કરાવવા માટે પણ મોકલ્યા હતા.

જોકે ત્યારબાદ આગળ વિઝાનું કાઈ કામ કરાયું નહોતું. આ મામલે જે.પી.રોડ પોલીસે છેતરપિંડીનો ગનો નોંધીને કાર્યવાહી હાથ ધરી હતી. આવી ઠગાઇના કિસ્સા રાજ્યભરમાં સતત વધી ગયા છે. આમ છતાં લોકો ગમે તેવા એજન્ટો પર આંધળો ભરોસો કરી મોટી રકમ તેને ધરી દેતાં હોય છે અને બાદમાં છેતરાઇ જતાં હોય છે.

બીજી ઘટના જોઇએ તો અમદાવાદના નારણપુરા રોડ પર આવેલ અભિષેક એપાર્ટમેન્ટમાં રહેતા અને ગુરુગ્રામની ખાનગી કંપનીમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હાર્દિક મોહનભાઈ પરીખે ગાંધીનગરના ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી અંગેની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ આશરે બે વર્ષ અગાઉ હાર્દિકભાઈ પોતાના પરિવાર સાથે રહેવા માટે ગાંધીનગરમાં મકાનની શોધમાં હતા. તે દરમિયાન ગાંધીનગર નજીક ભાટ સર્કલ પાસેથી પસાર થતી વખતે સંસ્કાર વાટીકા સોસાયટી બહાર મારેલું એક જાહેરાતનું બોર્ડ તેમના ધ્યાને આવ્યું હતું. આ બોર્ડ પર સુઘડ ગામની સીમમાં આવેલ સંસ્કાર વાટીકા સોસાયટીનું મકાન નંબર એ/૭૦ વેચવાનું હોવાની વિગત સાથે યશવંત બંશીલાલ ઈનાણીનો મોબાઈલ નંબર લખેલો હતો.

ત્યારબાદ હાર્દિકભાઈએ મોબાઈલ નંબર પર સંપર્ક કરતા યશવંત ઈનાણીએ પોતે મકાનના માલિક હોવાનું જણાવ્યું હતું અને મકાન જોવા માટે સમય આપ્યો હતો. હાર્દિકભાઈ પોતાની પત્ની રિદ્ધિ સાથે મકાન જોવા ગયા હતા. મકાન પસંદ પડતાં મકાનની કિંમત ફર્નિચર સાથે ૨ કરોડ ૩૫ લાખ બતાવવામાં આવી હતી. યશવંત ઈનાણીએ પોતાના ખાતામાં તમામ રકમ વ્હાઈટમાં લઈ શકાય તેમ નથી તેમ કહી પોતે બિલ્ડર પાસેથી જમીન ખરીદી હોવાથી તેના ખાતામાં તેમજ પોતાના સગા-સંબંધીઓના ખાતામાં રકમ મોકલવા જણાવ્યું હતું.

આ પછી હાર્દિકભાઈએ પોતાની પત્નીના ખાતામાંથી એસ.આર. ટ્રેડિંગના બેંક ખાતામાં ચારલાખ આરટીજીએસથી અને સોળ લાખ ચેકથી ટ્રાન્સફર કર્યા હતા. આ ઉપરાંત યશવંત ઈનાણી અને તેમના પત્ની રીનાબેન ઈનાણીને ઘરે જઈને પણ રોકડા ચૂકવવામાં આવ્યા હતા. ત્યારબાદ યશવંત ઈનાણીના કહેવાથી તેમના કુટુંબી ભાઈ પપ્પુ -કાશ ઈનાણીના બેંક ખાતામાં ૪,૫૦,૦૦૦ ચૂકવાયા હતા. આ સિવાય ૭ લાખ રોકડા અને બિલ્ડર રીતેષ કોટકના બેંક ખાતામાં ૮ લાખ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આમ, હાર્દિકભાઈએ અંગત લોન લઈને, સગા-સંબંધીઓ પાસેથી ઉછીના નાણાં મેળવીને તથા પત્નીના સોનાના દાગીના ગીરવે મૂકીને કુલ ૫૭.૫૦ લાખની ચૂકવણી કરી હતી. આ અંગે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઇ હતી.

દોસ્તીમાં પૈસાને લીધે ડખ્ખોઃ કારખાનેદારને ઝાપટ મારી મિત્રની ધમકી

# સાડા ત્રણ લાખ અને વકિલાતની ડીગ્રી મામલે ડખ્ખો

રાજકોટઃ તા.૫

પૈસાની માથાકુટમાં એક કારખાનેદારને તેના જ મિત્રએ લાફો મારી લઇ છરી બતાવી ધમકી આપી હતી. તેમજ તેને ઘરેથી કારમાં બેસાડી અપહરણનો પ્રયાસ કરી ધમાલ મચાવી હતી. વિગતો જોઇએ તો આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે ગ્રીનલીફ સામે ગુલમહોર-૨૩માં રહેતાં ભરતભાઇ જેરામભાઇ ભીમાણી નામના અઠ્ઠાવીસ વર્ષના કારખાનેદાર યુવાનની ફરિયાદ પરથી મવડી રામધણ પાસે સંસ્કાર સાનિધ્ય ઇ-વીંગ-૧૩૦૩માં રહેતાં તેના જ મિત્ર કેતનભાઇ દવે વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર ગઇ તા. ૨૯/૦૩/૨૦૨૫ ના રોજ રાત્રિના આશરે સાડાબારેક વાગ્યાના સુમારે ભરતભાઇ પોતાના ઘરે સુતા હતા. આ દરમિયાન મિત્ર કેતન દવેનો ફોન આવ્યો હતો.

પરંતુ ફોન સાઇલેન્ટ હોવાથી ઉપાડી શક્યા નહોતા. ત્યારબાદ થોડીવારમાં કેતન દવે સહિત બે જણા ભરતભાઇના ઘરે પહોંચ્યા હતા અને બેલ વગાડી હોબાળો મચાવ્યો હતો. ભરતભાઇના પિતા જેરામભાઇ બહાર આવતા કેતને ઉશ્કેરાઇને ભરત ક્યાં છે? તેને બહાર બોલાવો અને કહી દેજો કે મારી પાસેથી લીધેલા સાડા ત્રણ લાખ રૂપિયા આપી દે અને વકીલાતની ડિગ્રી સર્ટિફિકેટ ક્યાં રાખેલ છે તે મને આપી દે. દેકારો સાંભળી ભરતભાઇ બહાર આવતા તેણે કેતનને શાંતિથી વાત કરવા સમજાવ્યો હતો. પરંતુ કેતન વધુ ઉશ્કેરાઇ ગયો હતો અને ભરતભાઇને પોતાની સ્કોર્પિયો કારમાં બળજબરીથી બેસાડી દીધા હતા.

કારમાં બેસાડીને તેને મનફાવે તેમ ગાળો આપી કાન નીચે ઝાપટ મારી દીધી હતી અને કારમાં રાખેલી છરી બતાવી ધમકી આપી હતી કે-જો મારા સાડા ત્રણ



લાખ રૂપિયા તથા વકીલાતનું ડિગ્રી સર્ટિફિકેટ મને નહીં મળે તો હું તને જાનથી મારી નાખીશ. આ વખતે ભરતભાઇએ કેતનને સ્પષ્ટતા કરી હતી કે તેણે લીધેલા રૂ. ૩.૫ લાખ પરત આપી દીધા છે.

તેમજ આશરે દસેક મહિના પહેલાં રવિરાજસિંહ વાઘેલાએ ગોંડલ રોડ પર આવેલા નક્ષ બિલ્ડીંગની દેવશ્રી ફાયનાન્સ નામની ઓફિસેથી લાવીને આપેલો ડોક્યુમેન્ટ તથા લેપટોપનો થેલો તેમણે ખોલ્યો પણ નથી અને જે સ્થિતિમાં હતો તેવો જ સ્નેહલભાઇ શીલોરાને આપી દીધો હતો.

તે થેલામાં કોઈ વકીલાતનું ડિગ્રી સર્ટિફિકેટ નહોતું. આ બનાવ બાદ કારમાંથી નીચે ઉતરીને ભરતભાઇ તાલુકા પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા, જ્યાંથી તેમને બનાવ સ્થળ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનની હદમાં આવતો હોવાનું જણાવાતાં તેણે તે વખતે પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી. જેના આધારે પોલીસે કેતન સામે ગુનો નોંધ્યો છે. પીએસઆઇ એચ. એમ. ચાવડાએ વધુ તપાસ હાથ ધરી હતી.

મવડી ઓમનગર પાસે બાંધકામ ધઘાંથી ત્રાસને લીધે મરવા મજબૂર થયાનું ખુલતાં પત્નિ-સાસરિયા સામે ગુનો

# જીવવું'તું મારે પણ આ લોકોએ જીવવા જેવો રહેવા ન દીધો!

## સ્યુસાઇડ નોટમાં ચોંકાવનારી વિગતોઃ પત્નિ જાનકીને ઉદ્દેશી લખ્યું-હું જાનકીને બહુ લવ કરતો હતો પણ એણે કહી દીધું મરી જા અને મારુ નામ લખતો જાજેઃ પત્નિ, સાસુ, સસરા, સાળી, સાઢુ અને જાનકી સાથે કોન્ફરન્સ કોલથી ધમકી આપનારા સામે તાલુકા પોલીસે એફઆઇઆર દાખલ કરી

રાજકોટઃ તા.૫

શહેરના મવડી વિસ્તારના ઓમનગર નજીક પટેલનગર મુરલીધર શેરી નં. ૧માં સત્તર દિવસ પહેલા ઓગણત્રીસ વર્ષના બાંધકામના ધંધાર્થી લુહાર યુવાનની લટકતી લાશ મળી હતી. આ બનાવમાં ચોંકાવનારી હકિકત સામે આવતાં તેને મરીવા મજબૂર કરનાર પત્નિ, સાસુ, સસરા, સાળી, સાઢુ અને અન્ય એક શખ્સ સામે તાલુકા પોલીસે કાર્યવાહી કરી હતી. ખળભળાટ મચાવતી હૃદય હચમચાવતી સ્યુસાઇડ નોટને આધારે પોલીસે એફઆઇઆર નોંધી હતી. તેમાં યુવાને લખ્યું છે કે મારે તો જીવવું હતું પણ આ લોકોએ જીવવા જેવો રહેવા ન દીધો. જાનકી (પત્નિ)ને હું બહુ લવ કરતો'તો પણ છેલ્લે એણેય કહી દીધું કે મરી જા અને મારું નામ લખતો જાજે. પોલીસને પણ રીક્વેસ્ટ કરી હતી કે મને ન્યાય અપાવજો.

વિગતો પર નજર કરીએ તો મુરલીધર શેરીમાં આવેલા મકાનમાંથી પાર્થ ભગવાનભાઇ પિત્રોડા-લુહારની લટકતી હાલતમાં અને કોહવાઇ ગયેલી હાલતમાં લાશ મળી આવી હતી. તેના આપઘાત પાછળ તેની રીસામણે ગયેલી પત્નિ, સાસુ, સસરા, સાળી, સાઢુ અને પત્નિને કોન્ફરન્સમાં લઇ છુટાછેડા માટે પાર્થને ધમકી આપનાર શખ્સ કારણભુત હોવાની ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરાઇ છે. આપઘાત કરનાર પાર્થ પિત્રોડા ચાર બહેનનો એકનો એક નાનો ભાઇ હતો અને બાંધકામનો વ્યવસાય કરતો હતો. તેના લગ્ન સાત વર્ષ પહેલા થયા હતાં. પત્નિ જાનકીબેન હાલ રિસામણે હોઇ પોતે ઘર પરિવાર છોડી એકલો રહેતો હતો. તેની લાશ જ્યાંથી મળી તે મકાન દિવ્યેશભાઇ ગોંડલયાનું છે, જે તેણે ભાડે રાખ્યું હતું.

આ ઘટનામાં તાલુકા પોલીસે વાંકાનેરના પ્રતાપપરા શેરી નં. ૨ દરગાહ પાસે રહેતાં આપઘાત કરનાર પાર્થના બહેન શીતલબેન અજયભાઇ રાઠોડની ફરિયાદ પરથી રાજકોટ રહેતાં પાર્થના પત્નિ જાનકીબેન, સસરા બીપીનભાઇ અમૃતલાલ કારેલીયા, સાસુ કપીલાબેન બીપીભાઇ કારેલીયા, સાળી જીલ દિવ્યેશભાઇ પિત્રોડા, સાઢુ દિવ્યેશભાઇ નીતિનભાઇ પિત્રોડા અને ફોનમાં ધમકી આપનાર યોગેશ સોલંકી વિરૂધ્ધ પાર્થને મરી જવા મજબૂર કર્યાનો ગુનો દાખલ કર્યો છે. શિતલબેને ફરિયાદમાં જણાવ્યું છે કે મારા નાના ભાઇ પાર્થના લગ્ન વર્ષ ૨૦૧૮માં રાજકોટના બિપીનભાઇ કારેલીયાની



દિકરી જાનકીબેન સાથે થયા હતા. લગ્નના બે વર્ષ બાદ જાનકીબેને પતિ પાર્થ ઉપર અવારનવાર શંકાઓ કરી ઝઘડા કરવાનું શરૂ કર્યા હતાં. તેને પત્નિ ક્યાંય બહાર આવવા-જવા દેતી નહિ હોવાની જાણ તેણે ફોન કરીને બહેન શિતલબેનને કરી હતી. ત્યારબાદ ઓક્ટોબર ૨૦૨૪થી જાનકી પોતાના પિયર રિસામણે જતી રહી હતી અને જુલાઈ ૨૦૨૫માં ફેમિલી કોર્ટમાં છૂટાછેડા માટે કેસ દાખલ કર્યો હતો. કોર્ટની મુદતો દરમિયાન પણ જાનકી પતિ પાર્થ પર છૂટાછેડા આપી દેવા માટે સતત દબાણ કરતી હતી. દરમિયાન ગત તારીખ ૧૭/૦૭/૨૦૨૬ના રોજ સાંજના સમયે શિતલબેન વાંકાનેર હતાં ત્યારે ભાઇ તેણે બીજા બહેન વર્ષાબેનને પાર્થે ફોન કરીને જણાવ્યું હતું કે-મને ભાણેજ ધનનું મોઢું બતાવી દો, મારે તમારા બધાના મોઢા જોઈને સ્યુસાઇડ કરી લેવું છે. ત્યારબાદ તારીખ ૧૮/૦૭/૨૦૨૬ના રોજ સવારે પાર્થે ફોન ન ઉપાડાતા શિતલબેના પતિએ રાજકોટ આવી તપાસ કરી હતી. પરંતુ પાર્થ ન મળતાં તે ગૂમ થયાની જાણ માલવીયાનગર પોલીસમાં કરી હતી. પોલીસ સ્ટેશનમાં ગુમ થયા અંગેની જાણ કરી હતી. દરબાર દરમિયાન તારીખ ૨૦/૦૭/૨૦૨૬ના રોજ માહિતી મળી હતી કે પાર્થે રાજકોટ ઓમનગર પાસે મુરલીધર સોસાયટીમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. ત્યારબાદ રાજકોટ પોસ્ટમોર્ટમ વખતે ડોક્ટરને તેની ડેડબોડી પરથી એક અંગ્રેજી અને ગુજરાતી લખાણવાળી સુસાઇડ નોટ મળી આવી હતી. જેમાં પાર્થે પોતાની આપવીતી વર્ણવતા લખ્યું હતું કે હું પાર્થ બી. પિત્રોડા... મને સુસાઇડ કરવા માટે મજબૂર કરે છે અને મારી વાઇફ જાનકી, માય ફાધર ઇન લો બીપીનભાઈ, માય મધર ઇન લો કપિલાબેન, માય સાળી જીલ અને તેમનો હસબન્ડ દિવ્યેશ આ ચાર પર્સન ભેગા મળી મને હેરાન કરે છે. સુસાઇડ નોટમાં વધુમાં પાર્થએ લખ્યું હતું કે-મારા મેરેજને ૭ વર્ષ થયા છે, મારે અને જાનકીને કંઇપણ થયું હોઇ મારા સસરા આવીને તેણીને તેડી જાય, ૮ યરમાં ૬ વાર તેડી ગયા છે, અને હવે મારા સસરા બધા માથાભારે માણસો પાસે ફોન કરાવે. તેણે આગળ લખ્યું હતું કે હું જાનકીને બવ જ લવ કરતો હતો એટલે હું એને ભુલ નહોતો શકતો. જાનકી છેલ્લા બે યર્સમાં બહુ જ લફડા હતાં. છેલ્લે યોગેશ સોલંકીએ મને કોન્ફરન્સમાં લઇ કહેલું કે તું ડિવોર્સ આપ બાબી તને મારી નાંખીશ. મેં બવ બધી ટ્રાય કરી કે જાનકી જ હોય એ, પણ તું આવી જા. પણ મારા સાળાએ મને બવ જ હેરાન કરવો તો, છેલ્લે જાનકી'ય બોલી તું મરી જા મારું નામ લખતો જાજે, મને કાંઇ જ નહિ થાય. મારા સસરા પણ સાથે હતાં, એ પણ બોલ્યા કે-તું મરી જા અમને કાંઇ જ નહિ થાય. ચિઠ્ઠીમાં પાર્થએ આગળ લખ્યું હતું કે-જાનકીને અનહદ લફડા હતાં તો પણ હું મારા પ્રેમને લીધે એની પાછળ જ રહેતો, બધા રેકોર્ડિંગ મારા ફોનમાં છે. પાર્થએ આગળ લખ્યું હતું કે-એસપી, પીઆઇ સર, આઇ રીક્વેસ્ટ ફોર યુ, આઇ હેવ સીન જસ્ટીસ સર. હું જીવવા માંગતો હતો પણ આ લોકોએ મને જીવવા દેવો જ ના રહેવા દીધો. આ પાંચ લોકોએ મારા સમાજમાં મારા બિઝનેસમાં એમ સર બધી જગ્યાએ મારી આબરૂ કાઢી નાંખી છે. સો સર આઇ હવે હાર્ટલી રિક્વેસ્ટેડ ફોર યુ. આગળ લખ્યું હતું કે યશુદાદા મને ન્યાય અપાવજે, માય બ્રધર તુષાર એન્ડ પ્રશાંત આઇ પૂટ યોર લેગ, હું નહોતો મરતો ભાઇ. ડોન્ટ વરી હું તમારી સાથે છું, ખાલી સામેથી ગયો છું. બાકી તમે યાદ કરશો ત્યારે આવી જઇશ! મારો કેસ કોઇ પાછો ખેંચીને સમાધાન કરી નાંખો હેવુ ન કરતાં. નહિતર હું એને નડીશ. તેમ વધુમાં સ્યુસાઇડ નોટમાં લખ્યું હતું. આ ચિઠ્ઠીને આધારે પાર્થના વાંકાનેર રહેતાં બહેને તાલુકા પોલીસમાં ફરિયાદ દાખલ કરાવતાં તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એસ. આર. મેઘાણીના માર્ગદર્શનમાંપીએસઆઇ એમ. એચ. મહારાજે મૃતકના પત્નિ જાનકી, સસરા બિપીનભાઇ, સાસુ કપિલાબેન, સાળી જીલ, સાઢુ દિવ્યેશભાઇ તેમજ જાનકીને કોન્ફરન્સમાં લઇ છુટાછેડાની ધમકી આપનાર યોગેશ સોલંકી સામે પાર્થને મરી જવા મજબૂર કર્યાની એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

### સૌરાષ્ટ્ર-કચ્છના ૧૦ લાખ વેપારીઓને દાયકા બાદ મોટી રાહત

# GST ટ્રિબ્યુનલનો શુભારંભ, HCના ધક્કામાંથી મુક્તિ!

## રાજકોટ, અમદાવાદ અને સુરત સહિત દેશભરમાં એકસાથે ટ્રિબ્યુનલ કોર્ટ કાર્યરત થઈ. : સૌરાષ્ટ્ર-કચ્છના પેન્ડિંગ ૧૧૦૦થી વધુ કેસોનો ત્વરિત નિકાલ થશે; અટવાયેલા રિફંડ અને બંધ થયેલા GST નંબરનો મળશે ઉકેલ



રાજકોટ, તા. ૫

સૌરાષ્ટ્ર અને કચ્છના અંદાજે ૧૦ લાખથી વધુ વેપારીઓ, ઉદ્યોગકારો અને જીએસટી પ્રેક્ટિશનરો માટે છેલ્લા એક દાયકા (૧૦ વર્ષ)થી ચાલી આવતી આતુરતાનો અંત આવ્યો છે. લાંબા સમયની માંગણી બાદ આજથી વિધિવત રીતે રાજકોટમાં GST ટ્રિબ્યુનલ કોર્ટનો પ્રારંભ થઈ ગયો છે. રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ સ્થિત અયોધ્યા ચોક પાસે આવેલ 'આર.કે. આઈકોનિક' બિલ્ડિંગના બીજા માળે આ કોર્ટનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. શુભારંભ પ્રસંગે સી.એ. એસોસિએશન અને સૌરાષ્ટ્ર-કચ્છ જીએસટી એસોસિએશનના હોદ્દેદારો તથા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ કોર્ટમાં જજ તરીકે નિયુક્ત થયેલા પ્રમોદકુમાર અને કિશોરી લાલનું એસોસિએશનના હોદ્દેદારો દ્વારા ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.રાજકોટમાં આ ટ્રિબ્યુનલ કાર્યરત થતાં જ વેપારી વર્ગમાં આનંદની લહેર ફેલાઈ છે. અત્યાર સુધી GST વિભાગમાં જે. સી. (Joint Commissioner) અને ડી.સી. (Deputy Commissioner) કક્ષાએથી જે અપીલ આદેશો નાંજૂર થતા હતા, તેને પડકારવા માટે વેપારીઓએ અમદાવાદ હાઈકોર્ટ સુધી ધક્કા ખાવા પડતા હતા. પરંતુ હવે રાજકોટમાં જ સેકન્ડ અપીલનો રસ્તો ખૂલી જતાં સમય અને નાણાં બંનેની બચત થશે. માત્ર ગુજરાતના રાજકોટ, અમદાવાદ અને સુરત જ નહીં, પરંતુ સમગ્ર દેશમાં આજથી એકસાથે GST ટ્રિબ્યુનલોનો પ્રારંભ કરવામાં આવ્યો છે.પ્રાપ્ત વિગતો મુજબ, હાલની તારીખે રાજકોટ અને સૌરાષ્ટ્ર-કચ્છના મળીને GST અપીલના અંદાજે ૧૧૦૦ જેટલા કેસો પેન્ડિંગ છે, જેનો હવે ઝડપથી નિકાલ આવશે. વેપારીઓ અને પ્રેક્ટિશનરો જણાવે છે કે ''GSTના કાયદામાં ૧૦ વર્ષે રામ બોલ્યા છે.'' આકારણી બાદ વેપારીઓએ ૧૦ ટકા રકમ ભરીને અપીલ કરી હોય અને તે વિરુદ્ધમાં ગઈ હોય, તેવા કિસ્સાઓમાં હવે સેકન્ડ અપીલ માટે વધારાની મુદત મળશે. GST ડિપાર્ટમેન્ટ દ્વારા લેવાયેલા જોહુકમી ભરેલા નિર્ણયો સામે ટ્રિબ્યુનલ હવે વેપારી પક્ષે ન્યાયીક સુનાવણી કરશે. આ નિર્ણયથી વેપારીઓના અટવાયેલા નાણાં, બંધ થયેલા GST નંબર અને અટકેલા રિફંડના ચુકાદાઓ ઝડપથી આવશે. તમામ જટિલતાઓ છતાં, દાયકા જૂની માંગ સંતોષાતા સૌરાષ્ટ્ર-કચ્છના વેપાર-ઉદ્યોગ જગતમાં આ નિર્ણયને વ્યાપક આવકાર મળ્યો છે અને હવે વર્ષોથી અટવાયેલા કેસોનો ઝડપી ઉકેલ આવશે તેવી આશા સેવાઈ રહી છે.

### પ્રક્રિયા સરળ નથીઃ જટિલ ઓનલાઈન સિસ્ટમ અને ખર્ચનો બોજ

એકતરફ ટ્રિબ્યુનલ શરૂ થવાનો ઉત્સાહ છે, તો બીજીતરફ તેની પ્રક્રિયા અને ખર્ચને લઈને વકીલો તથા સીએ વર્ગમાં ચિંતા પણ છે. નિષ્ણાતોના મતે ટ્રિબ્યુનલમાં અપીલ કરવાની પ્રક્રિયા બિલકુલ સરળ કે સસ્તી નથીઃ

**- મોંઘી કોર્ટ ફીઃ**

ટ્રિબ્યુનલમાં કેસ દાખલ કરવા માટે મિનિમમ ₹૫,૦૦૦ની કોર્ટ ફી નક્કી કરવામાં આવી છે, જે બાકી રકમની ગણતરી મુજબ લાખો રૂપિયા સુધી પહોંચી શકે છે. આ ઉપરાંત વકીલો અને સીએ (ઈઅ)ની ફીનો વધારાનો બોજ વેપારી પર પડશે.

**- જટિલ ઓનલાઈન સબમિશનઃ**

ટ્રિબ્યુનલનું સબમિશન સંપૂર્ણ ઓનલાઈન છે પરંતુ તે અત્યંત જટિલ અને લાંબી પ્રક્રિયા છે. વકીલોના જણાવ્યા મુજબ, એક ટ્રિબ્યુનલ અરજી ઓનલાઈન દાખલ કરવામાં જ એક કલાકથી વધુ સમય નીકળી જાય છે, અને તે સિવાયની પેપરવર્કની પ્રક્રિયાઓ અલગથી કરવી પડે છે.

# સ્માર્ટ સિટીમાં દૂષિત પાણીનો ત્રાસ

## હા, લાખોને મળ્યું ગંદુ પાણી' મેયરનો ચોંકાવનારો સ્વીકાર

રાજકોટ, તા. ૫

સ્માર્ટ સિટીના બોર્ડ ઝૂલાવતા રાજકોટ મહાનગરપાલિકાના શાસકો અને તંત્રવાહકોની નાકામી હવે સીધી નાગરિકોના આરોગ્ય અને જિંદગી સાથે ખેલ કરી રહી છે. આમ તો ઉનાળાના આખરી દિવસોથી જ નગરજનો જે ભયંકર દૂષિત અને વાસ મારતા પાણીની ફરિયાદો કરી રહ્યા હતા, તે ચોમાસાના આરંભ સાથે જ અત્યંત ગંભીર અને જીવલેણ સ્વરૂપ ધારણ કરી ચૂકી છે. અગાઉ મોરબી રોડ સહિતના અનેક વિસ્તારોમાં જ્યારે જનતા રોડ પર ઉતરી આવી હતી, પ્રદર્શનો કર્યા હતા અને તંત્રના બહેરા કાન સુધી અવાજ પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારે આળસુ વહીવટી તંત્ર ઊંઘતું રહ્યું હતું. હવે જ્યારે સ્થિતિ હાથબહાર નીકળી ગઈ છે અને રોગચાળો ફાટી નીકળવાની અણી પર છે, ત્યારે મેયર ડો. નેહલ શુક્લે પત્રકાર પરિષદમાં સ્વીકાર્યું હતુ કે હા, શહેરના લાખો લોકોને દૂષિત પાણી મળી રહ્યું છે!

મેયર ડો. નેહલ શુક્લે અન્ય એક વિષય પર પત્રકાર પરિષદ બોલાવી હતી. એ દરમિયાન પત્રકારોએ શહેરમાં વધતા દૂષિત પાણીના દેકારાને લઈને સવાલોનો મારો ચલાવ્યો હતો. પાછલા કેટલાક દિવસો દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાંથી મનપાના જ આરોગ્ય વિભાગ દ્વારા લેવામાં આવેલા પીવાના પાણીના સેમ્પલો મોટા પ્રમાણમાં ફેલ આવ્યા છે. આ આંકડા પુરવાર કરે છે કે રાજકોટવાસીઓના ઘરોમાં નળ વાટે પાણી નહીં પરંતુ ધીમું ઝેર સપ્લાય થઈ રહ્યું છે. જનતા પોતાના લોહી-પરસેવાની કમાણીમાંથી કરવેરા ભરે છે, પરંતુ બદલામાં મનપા તંત્ર તેમને માત્ર ગંદુ, દુર્ગંધયુક્ત અને જીવાણુઓથી ભરેલું પાણી પીરસી રહ્યું છે. હોસ્પિટલોમાં ઝાડા-ઊલટી, કમળો અને ટાઈફોઈડના દર્દીઓની સંખ્યા વધી રહી છે, તેમ છતાં મનપાના અધિકારીઓ અને રાજકારણીઓ માત્ર એસી ઓફિસોમાં બેસીને તમાશો જોઈ રહ્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જનતાના જીવ સાથે આટલા મોટા પાયે થઈ રહેલા ખિલવાડ છતાં કોઈ જવાબદાર સામે નક્કર પગલાં લેવાયા નથી.

શહેરને શુદ્ધ પાણી આપી ન શકવાની નિષ્ફળતા છુપાવવા માટે મેયરે જૂની પાઈપલાઈનને દોષિત ઠેરવી છે. તેમના દાવા મુજબ સમગ્ર શહેરમાં જૂની પાઈપલાઈન કાઢીને નવી ડી.આઈ. (ઊભશિંહય ઈંક્ષિ) લાઈન નાખવાનું કામ ચાલુ છે અને આ કામ લાંબાગાળાનું છે. આ ઉપરાંત ચોમાસામાં જળાશયોમાં નવા નીર આવતા હોય તેના કારણે પણ ડહોળુ પાણી આવતુ હોવાની ફરિયાદ ઉઠી શકે છે. પરંતુ સવાલ એ ઊભો થાય છે કે શું આ લાંબાગાળાના કામના નામે ત્યાં સુધી રાજકોટની જનતાને ગંદુ પાણી પીવા માટે મજબૂર કરવામાં આવશે? વર્ષોથી કરોડો રૂપિયાના બજેટ ફાળવવામાં આવે છે, તો પછી ડીઆઈ પાઈપલાઈનો કેમ ન બદલાઈ? જો કે મેયરે શહેરીજનોને આશ્વાસન આપ્યુ છે કે, જે વિસ્તારમાં દૂષિત કે ડ્હોળુ પાણી આવતુ હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે એ તમામ વિસ્તારમાં તંત્ર દ્વારા કામગીરી કરવામાં આવશે. ક્લોરીનેશન સહિત પાણીના શુદ્ધિકરણ માટે ચિવટ રાખવા વોટર વર્ક્સ શાખાના તમામ અધિકારીઓને કડક સૂચના આપવામા આવી છે.

### મનપાનું આશ્વાસનઃ યુદ્ધના ધોરણે આ પગલાં લેવાશે

**– ડોર ટુ ડોર સર્વેઃ**

દૂષિત પાણીની સમસ્યા વાળા તમામ વિસ્તારોમાં ઘરોની રૂબરૂ મુલાકાત લઈ તપાસ કરાશે.

**– રેન્ડમ સેમ્પલિંગઃ**

શંકાસ્પદ વિસ્તારોમાંથી પીવાના પાણીના નમૂના લઈ લેબોરેટરી ટેસ્ટિંગ કરાશે.

**– લાઈન ચેકિંગઃ**

પાઈપલાઈનમાં મિશ્રણ કે લીકેજ શોધવા માટે યુદ્ધના ધોરણે ચેકિંગ હાથ ધરાશે.

**– ક્લોરીનેશનઃ**

વોટર વર્ક્સ શાખા દ્વારા પાણીના શુદ્ધિકરણ અને ક્લોરીનેશનની પ્રક્રિયામાં કડક ચિવટ રખાશે.

# ચાંદીપુરા વાયરસથી રાજ્યની સૌથી નાની ૩ માસની બાળકીને મળ્યું નવજીવન

## સિવિલના તબીબોની ૧૭ દિવસની અથાક જહેમત રંગ લાવી; અતિ ગંભીર હાલતમાં લવાયેલી બાળકી સંપૂર્ણ સ્વસ્થ થતાં તબીબોનો આભાર માનતા ભાવુક બનતા શ્રમિક માતા-પિતા

રાજકોટ, તા. ૫.

રાજકોટની પંડિત દિનદયાળ ઉપાધ્યાય (પી.ડી.યુ.) સિવિલ હોસ્પિટલના તબીબોએ તબીબી ક્ષેત્રે એક અદ્ભુત સિદ્ધિ હાંસલ કરી છે. ચાંદીપુરા વાયરસથી પીડિત અને ગંભીર હાલતમાં કોમામાં જતી રહેલી રાજ્યની સૌથી નાની વયની માત્ર ૩ માસની બાળકીને ૧૭ દિવસની સઘન અને આહોરાત સારવાર બાદ સફળતાપૂર્વક સાજી કરીને નવજીવન આપવામાં આવ્યું છે. સિવિલ હોસ્પિટલના પીડિયાટ્રિક વિભાગના વડા અને મેડિકલ કોલેજના ડીન ડો. પંકજ બુચે જણાવ્યું હતું કે, ગત ૧૯ જુલાઈના રોજ ગોંડલ તાલુકાના પાંચિયાવદર ગામેથી આ બાળકીને ચાંદીપુરા વાયરસના લક્ષણો સાથે રાજકોટ સિવિલ ખાતે રીફર કરવામાં આવી હતી. બાળકીની નાની ઉંમર અને ગંભીર સ્થિતિને ધ્યાને રાખીને તેને સીધી જ પી.આઈ.સી.યુ. (ઙઈઈઞ - ઙ્યમશફિંશિભ ઈંક્ષયિંક્ષતશદય ઈફયિ ઞક્ષશિં) માં દાખલ કરી સારવાર શરૂ કરી દેવામાં આવી હતી.સિવિલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો. મોનાલી માકડિયાએ ઉમેર્યું હતું કે, બાળકીનો પરિવાર માટીના કાચા મકાનમાં રહેતો હોવાથી ત્યાં ચાંદીપુરા વાયરસ ફેલાવતી સેન્ડફ્લાય (રેતીની માખી)ના સંપર્કમાં આવવાથી બાળકી સંક્રમિત થઈ હોવાનું પ્રાથમિક અનુમાન છે. ખાનગી હોસ્પિટલમાં લાખો રૂપિયાના ખર્ચે પણ જ્યાં જીવ બચાવવો મુશ્કેલ બને છે, પોતાની દીકરીને મોતના મુખમાંથી બહાર આવેલી જોઈને શ્રમિક માતા-પિતા અત્યંત ગળગળા થઈ ગયા હતા અને સિવિલના તમામ તબીબો તથા નર્સિંગ સ્ટાફનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. ડો. પંકજ બુચે ચાંદીપુરા વાયરસ વિશે જાગૃતિ ફેલાવતાં જણાવ્યું કે, ''આ વાયરસ ખાસ કરીને નાના બાળકોના મગજ પર સીધો હુમલો કરે છે, હાલમાં પણ રાજકોટ સિવિલના પી.આઈ.સી.યુ. વોર્ડમાં નોડલ ઓફિસર અને તજજ્ઞ તબીબોની દેખરેખ હેઠળ અન્ય બે શંકાસ્પદ બાળકોની સારવાર ચાલી રહી છે. ચાંદીપુરા વાયરસ ખાસ કરીને ૧૫ વર્ષથી નાની વયના બાળકોને નિશાન બનાવે છે. આ વાયરસ મગજમાં તીવ્ર સૂજો (ઊક્ષભયાવફહશશિંત) લાવે છે, જેના કારણે ટૂંક સમયમાં જ મલ્ટી ઓર્ગન ફેલ્યોર થવાની શક્યતા વધી જાય છે. આ વાયરસમાં સમય સર સારવાર મળવી અત્યંત જરૂરી છે. જો લક્ષણો દેખાતા જ બાળકને હોસ્પિટલ પહોંચાડવામાં આવે, તો મૃત્યુનું જોખમ ખૂબ જ ઘટાડી શકાય છે.

### વરસાદે વિરામ લીધો પણ

# રેલનગર અંડરબ્રીજમાં 'જળબંબાકાર'

## ૬૦ લાખનું કેમિકલ ફિલિંગ પાણીમાં ગયું! : શહેરમાં ૪ દિવસથી વરસાદનો વિરામ, પોપટપરા નાળું પણ કોરુંકટ, છતાં રેલનગર બ્રીજમાં પાણી

રાજકોટ, તા. ૫

રાજકોટ શહેરમાં છેલ્લા ચાર દિવસથી મેઘરાજાએ સંપૂર્ણ વિરામ લીધો છે. સામાન્ય રીતે વરસાદ બંધ થતા જ શહેરના મોટાભાગના રસ્તાઓ અને બ્રીજ પરથી પાણી ઓસરી ગયા છે. એટલું જ નહીં, સામાન્ય વરસાદમાં પણ જ્યાંથી પસાર થવું અશક્ય બની જાય છે તેવા પોપટપરા નાલામાં પણ હાલ પાણીનું નામોનિશાન નથી. પરંતુ, રાજકોટ મહાનગરપાલિકા (છખઈ) ના ભ્રષ્ટાચાર અને નબળી કામગીરીનો જીવતો જાગતો નમૂનો બની ગયેલા 'રેલનગર અંડરબ્રીજ'ની સ્થિતિ સાવ વિપરીત છે. વરસાદની ગેરહાજરી વચ્ચે પણ અહીં હવે ફરીથી પાણી ભરાવાનું શરૂ થતાં સ્થાનિકો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ડિઝાઇનની ખામી અને તળમાંથી ફૂટતું પાણી અગાઉ મહાપાલિકા દ્વારા રેલવે વિભાગ સાથે મળીને રેલનગર અંડરબ્રીજ તૈયાર કરવામાં આવ્યો હતો. નિર્માણ કાળથી જ આ બ્રીજ તેની ડિઝાઇન અને નબળી ગુણવત્તાને લઈને હંમેશા વિવાદોમાં ઘેરાયેલો રહ્યો છે. આસપાસમાં આવેલી ખેતરાઉ જમીનના કારણે અહીં પહેલેથી જ પાણી ભરાવાની સમસ્યા રહેતી હતી. પરંતુ હવે પરિસ્થિતિ વધુ વણસી છે. છેલ્લા બે દિવસથી બ્રીજના વચ્ચેના ભાગમાંથી અને તળમાંથી જ પાણી ફૂટવાનું શરૂ થયું છે. જમીનમાંથી નીકળતા આ પાણીના કારણે બ્રીજનો પૂરો ભાગ જળમગ્ન અને અત્યંત ચીકણો બની ગયો છે. નાના વાહનો અને ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો માટે અહીંથી પસાર થવું જીવલેણ સાબિત થઈ શકે તેમ છે, કારણ કે વાહન સ્લીપ થઈ જવાના બનાવોનો સતત ભય રહે છે.



તંત્રની કામગીરી પર સૌથી મોટો સવાલ એ ઊભો થાય છે કે, આ સમસ્યા કોઈ નવી નથી. ગત વર્ષે જ મહાપાલિકાના સત્તાધીશોએ બ્રીજમાંથી છલકાતું પાણી રોકવા માટે મોટા ઉપાડે 'ખાતમુહૂર્ત' કરીને કેમિકલ ફિલિંગનું કામ શરૂ કરાવ્યું હતું. પ્રજાના ટેક્સના પરસેવાની કમાણીના અંદાજે ૬૦ લાખ રૂપિયા જેવી માતબર રકમ આ કેમિકલ ટ્રીટમેન્ટ પાછળ ખર્ચવામાં આવી હતી. પરંતુ આજે તળમાંથી નીકળતા પાણીએ આ ૬૦ લાખના ખર્ચને પણ પાણીમાં ભેળવી દીધો છે. કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની મિલીભગતમાં થયેલું આ કામ તદ્દન નિષ્ફળ નીવડ્યું છે.

હજુ થોડા સમય પહેલા જ શાસકોએ જામનગર રોડ પર બનેલા નવા પુલનું મોટા પાયે ઉદઘાટન કર્યું હતું. આ પુલ શરૂ થવાથી જામનગર રોડ પરનો મોટો ટ્રાફિક પ્રશ્ન હલ થયો હોવાના બણગા ફૂંકવામાં આવી રહ્યા છે. પરંતુ આ નવા પુલથી થોડે જ અંદર આવેલા રેલનગર અંડરબ્રીજની ખરાબ હાલત તરફ કોઈનું ધ્યાન નથી.

અગાઉ આ જ બ્રીજની પાણી ભરાવાની સમસ્યાને લઈને વિરોધ પક્ષ કોંગ્રેસ દ્વારા ઉગ્ર આંદોલન પણ કરવામાં આવ્યું હતું. છતાં, એસી ચેમ્બરમાં બેસતા અધિકારીઓ આ ખામીનું સાચું કારણ જાણતા હોવા છતાં જાણે આંખ આડા કાન કરી રહ્યા છે. ૬૦ લાખનો ખર્ચ કર્યા પછી પણ જો પ્રજાને સ્લીપ થઈને પડવાનો જ વારો આવતો હોય, તો આ જવાબદારી કોની તે એક મોટો સવાલ છે.